**સુવિચાર**
"ભૂલો ગણવાથી નહી, ભૂલો અવગણવાથી સંબંધોની મધુરતા સચવાઈ રહે છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૭/૨૦૨૬, રવિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

amreli express

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અષાઢ સુદ-૬ વર્ષ : ૧૭ અંક : ૧૮૫

## કૃષિ આધારિત અર્થતંત્ર હોવાથી ખેડૂતો ઉપરાંત વેપારીઓ પણ વરસાદની રાહમાં

# અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા ચિંતાનાં વાદળો છવાયા

**જિલ્લાનાં ૬૦ ટકા પરિવારો કૃષિ ક્ષેત્ર સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાયેલા હોવાથી ચિંતામાં વધારો**

**વરસાદી માસ ગણાતા અષાઢનાં એક-એક દિવસ વરસાદ વગર પસાર થઈ રહ્યા છે**

**જિલ્લામાં છેલ્લા ૧૪ દિવસમાં ક્યાંક છુટોછવાયો વરસાદ પડી રહ્યો હોય જે અપુરતો છે**

**જિલ્લામાં સાર્વત્રિક ૮થી ૧૦ ઈંચ જેટલો વરસાદ પડે તો જ ચિંતાના વાદળો દૂર થઈ શકે તેમ છે**


પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૮
અમરેલી જિલ્લામાં વરસાદ ખેંચાતા જગતાત ગણાતા ખેડૂતો સહિત સૌ કોઈમાં ચિંતાના વાદળો છવાયા છે. ૧૪ દિવસ પહેલા જિલ્લામાં સાર્વત્રિક વિસ્તારમાં વરસાદ પડયા બાદ છેલ્લા ૩ થી ૪ દિવસથી ક્યાંક માત્ર છુટોછવાયો વરસાદ પડી રહ્યો છે જે અપુરતો છે. અમરેલી જિલ્લાનું અર્થતંત્ર કૃષિ આધારિત છે. જિલ્લાનાં ૬૦ ટકા પરિવારો પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કૃષિ ક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાથી ખેડૂતોની સાથે નાના-મોટા વેપારીઓ પણ વરસાદ વગર ચિંતિત બન્યા છે.


વરૂણદેવને મનાવવા માટે શ્વાનને લાડુનું વિતરણ, પ્રાર્થના સહિતનાં કાર્યો પણ ક્રમશઃ શરૂ થઈ રહ્યા છે. વરસાદી ગણાતા અષાઢી મહિનાનો એક એક દિવસ જેમ-જેમ પસાર થાય છે તેમ ચિંતાના વાદળો સૌ કોઈનાં ચહેરા પર વધી રહ્યા છે.

## લીલીયામોટા પોલીસ ટીમે એસપીનાં માર્ગદર્શનતળે કરી કામગીરી

# રાજુલા પોલીસ સ્ટેશનનાં ગુન્હામાં ૨૭ વર્ષથી નાસતા-ફરતા આરોપીની અટકાયત

**આરોપી જયંતીલાલ પુરોહિત વિરૂધ્ધ કાર્યવાહી શરૂ**

લીલીયા, તા. ૧૮
લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાલુંકે તથા પોલીસ ટીમે રાજુલા પોલીસ સ્ટેશન એમ. કેસ નં. ૨૨૭/૧૯૯૯ આઈપીસી કલમ-૪૦૬, ૪૨૦, ૧૧૪ મુજબના ગુન્હાના કામે રાજુલા કોર્ટના સીઆરપીસી કલમ-૭૦ મુજબના વોરંટના કામે છેલ્લા ૨૭ વર્ષથી નાસતા ફરતા આરોપીની તપાસ કરી ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે પકડી આરોપી



વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. પકડાયેલ આરોપી જયંતીલાલ શ્રીરામજી પુરોહીત (બ્રાહ્મણ) (ઉ.વ. ૫૭) જી. જાલોર (રાજસ્થાન)ને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરેલ છે. આમ આ સમગ્ર કામગીરી લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ તથા હેડ કોન્સ્ટેબલ સંજયભાઈ કનુભાઈ ધાંધલ તથા અના હેડ કોન્સ્ટેબલ મહેશભાઈ મધુભાઈ તથા પોલીસ કોન્સ્ટેબલ વિજયભાઈ મંગળુભાઈ લાલુ તથા પોલીસ કોન્સ્ટેબલ પંકજભાઈ છગનભાઈ બગડા તથા પોલીસ કોન્સ્ટેબલ નારણભાઈ વિહાભાઈ બાવડા તથા પોલીસ કોન્સ્ટેબલ કુલદીપભાઈ ધીરૂભાઈ પરમાર તથા આઈટી એક્સપર્ટ સપનાબેન ધરાજીયા દ્વારા કરવામાં આવેલ છે. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## રાજ્ય ઉર્જામંત્રી કૌશિક વેકરિયા અને પાલિકાની ટીમની ઉમદા કામગીરી

# આનંદો : અમરેલી પાલિકામાં નવા વિસ્તારોનો સમાવેશ કરીને શહેરની સુવિધામાં વધારો કરવામાં આવશે

**ઘણા સમયથી બંધ થયેલ બાંધકામની મંજૂરી આપવાનું પૂનઃ શરૂ થશે**







અમરેલી, તા. ૧૮
અમરેલી નગરપાલિકા હદ વિસ્તારમાં નવા વિસ્તારોનો સમાવેશ કરી વણથંભી વિકાસ યાત્રાને આગળ ધપાવવા ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૩ તેમજ શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ હેઠળ અમરેલી વિસ્તાર વિકાસ સત્તા મંડળની તૃતીય પુનરાવર્તિત વિકાસ યોજનામાં અમરેલી શહેરની જૂની હદમાં ઓજી (નવો) વિસ્તારને ભેળવવાની કામગીરીથી છેલ્લા નવેક માસથી નવા બાંધકામની પરવાનગીની કામગીરી બંધ હતી. પરંતુ અમરેલીના ધારાસભ્ય અને ઉર્જાવાન મંત્રી કૌશિકભાઈ વેકરિયાની કાર્યશૈલીના ફળ સ્વરૂપે અમરેલી શહેરનો ડેવલપમેન્ટ પ્લાન પૂર્ણતાની સાથે જ મંજૂર થતા અટકી પડેલ રજા ચિઠ્ઠીની કાર્યવાહી આગામી દિવસોમાં શરૂ થઈ જશે.

સરકારની ગાઈડ લાઈન મુજબ અમરેલી નગરપાલિકા દ્વારા શહેરનો ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં રજૂ કર્યા બાદ અટકેલ બાંધકામ પરવાનગી મંજૂર થતી હોય છે. ત્યારે અમરેલી નગરપાલિકાના પ્રમુખ શ્રીમતિ વૈશાલીબેન સંદીપભાઈ માંગરોળિયા, ઉપ પ્રમુખ વિરલભાઈ પોપટ, કારોબારી ચેરમેન મૌલિક ઉપાધ્યાય, ટાઉન પ્લાનિંગ ચેરમેન નિરાલીબેન સમીરભાઈ જાની સહિતની ટીમ તેમજ પાલિકાના ચીફ ઓફિસર વિનોદ રાઠોડ, ટાઉન પ્લાનિંગ અધિકારી રાડિયા, આકાશ વઘાસિયા, નયન જોશી સહિતની ટીમ દ્વારા રાત દિવસ મહેનત કરી શહેરનો ડેવલપમેન્ટ પ્લાન સરકારમાં રજૂ કરી દેવામાં આવેલ હતો.

જે પ્લાન ઉર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા દ્વારા તાત્કાલિક મંજૂર કરાવી દેવામાં આવેલ હતો. જેના કારણે આગામી એકાદ અઠવાડિયામાં શહેરીજનોની અટકી પડેલ બાંધકામ પરવાનગી મંજૂરી હરણફાળ ભરશે.

## મહુવાનાં ખડસલીયા ગામે રહેતા સાસરીયાઓ વિરૂધ્ધ ફરિયાદ

# લાઠીનાં જરખીયા ગામે પિયર ધરાવતી મહિલાએ સાસરિયાઓનાં ત્રાસથી ઝેરી દવા પી લીધી

**મહિલાએ માનસિક ત્રાસથી કંટાળી અંતિમવાટ પકડી**

અમરેલી, તા. ૧૮
લાઠી તાલુકાના ખરખીયા, રામદેવપીરના મંદિર પાસે રહેતા રામભાઈ દેવાયતભાઈ ડેર નામના ૩૮ વર્ષિય યુવકના બહેન મરણ જનાર સેજલબેન રાજુભાઈ ભમ્મર (રહે. હાલ

અનુસંધાન પાના ૬ ઉપર

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોક્ટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦


૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,30,100/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૮/૦૭/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬



Aikyam
એકયમ ન્યુરો સાઈકિયાટ્રી હોસ્પિટલ
ઈમરજન્સી સારવાર ૨૪ કલાક ઉપલબ્ધ..
ડૉ. વિવેક જોષી M.B.(Psy) D.P.M., F.I.P.S.,M.I.A.P.P.
કન્સલ્ટીંગ ન્યુરો સાઈકિયાટ્રીસ્ટ
મગજ, માનસિક રોગો, જાતિય નબળાઈ તથા વ્યસન મુકિતનાં નિષ્ણાંત..
:: લક્ષણો ::
ઉદાસી રોગ
મરવાના વિચાર આવવા
વિચારવાયુ
વહેમ, શંકા
મંદબુધ્ધિ બાળકોની સારવાર
ચિંતા - ટેન્શન
માથાનો દુઃખાવો
જાતિય રોગો
વ્યસનમુકિત : દારૂ, બીડી, તમાકુ, કાલા
સ્થળ : પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી.
Mo. 97370 28181 | Ph. 02792-224224
મગજના ગ્રાફ (E.E.G.) ની સુવિદા ઉપલબ્ધ...



આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩




અમદાવાદના અનુભવી મણકાની એન્ડોસ્કોપીક અને મિનિમલ ઈન્વેસિવ સર્જરીના નિષ્ણાંત હવે આપણા અમરેલીમાં.... તારીખ : ૧૯/૦૭/૨૦૨૬ રવિવાર
ઉપલબ્ધ સારવાર
- કમર કે ગરદનની નસનો દુઃખાવો, જેમ કે સાઈટીકા માટે ઓપરેશન વગર ઈન્જેકશન દ્વારા સારવાર.
- કી હોલ (1.5 સેમી)ના ચેકા દ્વારા નસનું દબાણ હટાવવાનું ટાંકા વગરનું ઓપરેશન.
- આધુનિક પધ્ધતિથી (Minimally invasive) દ્વારા સ્નાયુ કાપ્યા વગરનું ઓપરેશન.
- ત્રાસી કમરની (Scoliosis) તકલીફ માટેનું ઓપરેશન.
- દૂરબીન (Endoscopy) દ્વારા ખસેલી ગાદી માટેનું ઓપરેશન.
- મણકાની અન્ય તમામ તકલીફ માટેનું સચોટ માર્ગદર્શન અને નિદાન
24/7 Emergency Services
સમય સવારે ૯:૦૦ થી ૧૨:૦૦
દર મહિનાના ત્રીજા રવિવારે મળશે
પ્રોફે.ડો.મંથન એચ.માંડલીયા Consultant-Spine Surgeon (M.S.Ortho) F.I.S.S.(AOSPINE U.K.,M.I.S.S.Germany))
NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૩૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

### સામૂહિકરૂપે ગ્રામજનોએ મામલતદારને આવેદનપત્ર પાઠવ્યુ

# ઉના : ગીરગઢડાનાં જુના ઉગલા ગામે થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ બંધ કરાવો

## ૫ દિવસમાં કડક કાર્યવાહી ન થાય તો ભૂખ હડતાલની ચીમકી


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૧૮

ગીર સોમનાથ જિલ્લાના ગીરગઢડા તાલુકાના જુના ઉગલા ગામમાં છેલ્લા દોઢ વર્ષથી સતત બની રહેલી ચોરીની ઘટનાઓ તેમજ ગામમાં દારૂ અને ગાંજાના કથિત ખુલ્લા વેપારના મુદ્દે ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગામના સરપંચ જયાબેન નરસિંહભાઈ ડાંગોદરાના નેતૃત્વમાં ૪૦થી વધુ ગ્રામજનોએ ગીરગઢડા મામલતદારને આવેદનપત્ર આપી રાજયના ગૃહ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી સુધી રજૂઆત પહોંચાડવાની માંગ કરી છે.

આવેદનપત્રમાં જણાવાયું છે કે, છેલ્લા દોઢ વર્ષ દરમિયાન ખેડૂતોના ખેતરોમાંથી વીજ સર્વિસ વાયર, સ્ટાર્ટર, ઝટકા મશીન, પાણીની પાઈપલાઈન સહિતના કૃષિ સાધનોની અનેક વખત ચોરી થઈ છે. ઉપરાંત ગ્રામ પંચાયતની પાણી પુરવઠાની મોટરો, બોરવેલ તથા અન્ય સરકારી મિલકતોને નુકસાન પહોંચાડવામાં આવ્યું હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

ગામના અનેક મકાનોમાંથી લાખો રૂપિયાના સોના–ચાંદીના દાગીના અને કિંમતી સામાનની ચોરી ઉપરાંત સ્વામિનારાયણ મંદિર અને રામનાથ મહાદેવ મંદિરમાંથી પણ ચોરી થયાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ગ્રામજનોએ આક્ષેપ કર્યો છે કે અનેક રજૂઆતો અને પોલીસ ફરિયાદો છતાં ચોરીના બનાવોમાં કોઈ નક્કર પરિણામ આવ્યું નથી. સાથે જ ગામમાં વર્ષોથી દારૂ અને ગાંજાનું કથિત વેચાણ થતું હોવા છતાં અસરકારક કાર્યવાહી કરવામાં આવતી નથી.

૪૦થી વધુ ગ્રામજનોની સહી સાથે આપવામાં આવેલા આવેદનપત્રમાં પાંચ દિવસમાં ચોરીના બનાવોનો ભેદ ઉકેલી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવા તેમજ દારૂ–ગાંજાના કથિત વેપારને સદંતર બંધ કરાવવાની માંગ કરવામાં આવી છે. ગ્રામજનોએ ચીમકી આપી છે કે જો પાંચ દિવસમાં યોગ્ય કાર્યવાહી નહીં થાય તો તેઓ ગાંધી ચિંધ્યા માર્ગે ભૂખ હડતાળ પર ઉતરશે, જેની સંપૂર્ણ જવાબદારી સરકાર અને પોલીસ તંત્રની રહેશે તેવું અંતમાં જણાવાયું હતું.

### મહત્વની જવાબદારી મળી

# અમરેલી જિલ્લા ભાજપનાં ઉપપ્રમુખપદે જયાબેન ગેલાણી

## બાબરા તાલુકા ભાજપ દ્વારા આવકાર


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત બનાવવા પ્રદેશ ભાજપ દ્વારા અમરેલી જિલ્લા ભાજપના નવા હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે. તેમાં બાબરા તાલુકાના લુણકી ગામના વતની અને લાંબા સમયથી ભાજપના સંગઠનમાં સક્રિય રહેલા પૂર્વ જિલ્લા મહિલા ભાજપ પ્રમુખ જયાબેન ગેલાણીની અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવતા બાબરા તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં ભાજપ કાર્યકરોમાં આનંદ અને ઉત્સાહની લાગણી પ્રસરી છે.

જયાબેન ગેલાણીએ છેલ્લા લગભગ ૨૦ વર્ષથી ભારતીય જનતા પાર્ટીના સમર્પિત અને સામાન્ય કાર્યકર તરીકે સંગઠન માટે સતત કાર્ય કર્યુ છે. તાલુકા અને જિલ્લા કક્ષાએ વિવિધ મહત્વની જવાબદારીઓ નિભાવી તેમણે પક્ષની વિચારધારા, સંગઠનશકિત અને મહિલા સશકિતકરણ માટે નોંધપાત્ર યોગદાન આપ્યું છે. તેમની નિષ્ઠા, કાર્યશૈલી અને સંગઠન પ્રત્યેની વફાદારીને ધ્યાનમાં રાખી પ્રદેશ ભાજપે તેમને અમરેલી જિલ્લા ભાજપના ઉપપ્રમુખ તરીકે મહત્વપૂર્ણ જવાબદારી સોંપી છે.

આ નિમણૂંક બદલ જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિત જિલ્લા અને બાબરા તાલુકાના ભાજપના હોદ્દેદારો, અગ્રણીઓ અને કાર્યકરોએ જયાબેન ગેલાણીને શુભેચ્છાઓ પાઠવી તેમના સફળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યકત કરી હતી.

ભાજપના કાર્યકરોમાં એવી આશા વ્યકત કરવામાં આવી રહી છે કે જયાબેન ગેલાણીના સંગઠનાત્મક અનુભવ અને કાર્યક્ષમતાના કારણે જિલ્લામાં પક્ષનું સંગઠન વધુ મજબૂત બનશે તેમજ આગામી સમયમાં ભાજપને વધુ વ્યાપક જનસમર્થન પ્રાપ્ત કરવામાં તેમની ભૂમિકા મહત્વપૂર્ણ સાબિત થશે.

### ખેડૂતો માટે આશીર્વાદરૂપ ઘટના

# અરે વાહ : લાઠી અને રાજુલા શહેરમાં ધીમી ધારે વરસાદનું થયું આગમન

## જો કે છુટો છવાયો વરસાદ જ જોવા મળ્યો



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં ૧૪ દિવસ પહેલા થયેલા અમદાવાદ વરસાદ બાદ છેલ્લા ૩–૪ દિવસથી જિલ્લાના કોઈને કોઈ વિસ્તારમાં છુટો છવાયો વરસાદ પડી રહ્યો છે.

દરમિયાનમાં આજે લાઠી અને રાજુલા શહેરમાં છુટો છવાયો વરસાદ પડતા ખેડૂતોમાં આશાની કિરણ જોવા મળી રહયું છે. જો કે જિલ્લામાં સાર્વત્રિક ૮થી ૧૦ ઈંચ જેટલો વરસાદ પડે તેવું સૌ કોઈ ઈચ્છી રહયા છે.

### ગુજરાત પ્રદેશ કિસાન મોરચાનાં પ્રમુખ હિરેન હિરપરાએ સરકારનો આભાર માન્યો

# ૧૦ ગુંઠા કે તેથી વધુનાં ખેતીની જમીનનાં ટુકડાઓને નિયમિત કરવાનો નિર્ણય ખેડૂતો માટે આશીર્વાદરૂપ બનશે

## ગ્રામ્ય વિસ્તારો માટે ૧૦ ગુંઠાનું એકસમાન ધોરણ કાયદાકીય ગુંચવણો દૂર કરશે



ગાંધીનગર, તા. ૧૮

ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા, ગુજરાત પ્રદેશની અખબારી યાદીમાં જણાવાયું છે કે ગુજરાતમાં ખેતીની જમીનના ૧૦ ગુંઠા કે તેથી વધુના ટુકડાઓને નિયમિત કરવાની જોગવાઈ સાથે વર્ષો જૂના ટુકડા ધારામાં ખેડૂત હિતકારી સુધારો કરવાનો રાજય સરકારે નિર્ણય લીધો છે.

આ ખેડૂત હિતકારી નિર્ણય બદલ ભારતીય જનતા પાર્ટી કિસાન મોરચા, ગુજરાત પ્રદેશના અધ્યક્ષ હિરેન હિરપરાએ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી તથા ખેડૂતોની સમસ્યાની સમજણ અને નિરાકરણ માટે સરકાર સાથેના સંકલનમાં સદૈવ પાયાની ભૂમિકા ભજવનાર પ્રદેશ અધ્યક્ષ જગદીભાઈ વિકર્મા તેમજ સમગ્ર કેન્દ્ર અને રાજય સરકારનો હૃદયપૂર્વક આભાર વ્યકત કર્યો હતો.

હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે અત્યાર સુધી પિયત અને બિનપિયત ખેતીની જમીન માટે ટુકડાના અલગ–અલગ ધોરણો અમલમાં હોવાથી રાજયના અનેક ખેડૂતોને જમીનની વારસાઈ, પારિવારિક વહેંચણી, ખરીદ–વેચાણ, હક્ક નોંધણી અને અન્ય મહેસૂલી પ્રક્રિયાઓમાં કાયદાકીય તથા વહીવટી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સમગ્ર રાજયના ગ્રામ્ય વિસ્તારો માટે ૧૦ ગુંઠાનું એકસમાન ધોરણ નક્કી થવાથી ખેડૂતોને મોટી અને કાયમી રાહત મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે પરિવારના સભ્યો વચ્ચે જમીનની વારસાઈ કે વહેંચણી થયા બાદ ઘણી વખત જમીનનો નાનો ટુકડો ઊભો થતો હતો. ટુકડા ધારાની જોગવાઈઓને કારણે આવા ટુકડાઓના રેકર્ડ, વેચાણ વ્યવહાર અને હક્ક નોંધણીમાં ખેડૂતોને લાંબી પ્રક્રિયા, કાયદાકીય ગૂંચવણ અને નાણાકીય ભાર સહન કરવો પડતો હતો. રાજય સરકારના આ સુધારાથી આવા ખેડૂતોની વર્ષો જૂની સમસ્યાઓના ઉકેલનો માર્ગ ખુલશે.

હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે ટુકડા ધારાના કારણે અનેક કિસ્સાઓમાં જમીનના વેચાણ દસ્તાવેજ થયા બાદ પણ મહેસૂલી રેકર્ડમાં નોંધ પ્રમાણિત થતી નહોતી. પરિણામે જમીનનો કાયદેસર વ્યવહાર કરનારા ખેડૂતોને માલિકી હક્ક, ખાતેદારની નોંધ અને જમીનના ઉપયોગ અંગે વર્ષો સુધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. સુધારેલી જોગવાઈઓથી આવા અટવાયેલા વ્યવહારોને ગતિ મળશે અને જમીનના કાયદેસર અધિકારો વધુ સ્પષ્ટ બનશે.

હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે જમીન માત્ર ખેડૂત માટે મિલકત નથી, પરંતુ તેની આજીવિકા, પારિવારિક સુરક્ષા અને આવનારી પેઢીના ભવિષ્યનો આધાર છે. તેથી ખેડૂતની જમીન સાથે જોડાયેલા કાયદા સરળ, સ્પષ્ટ અને વર્તમાન સમયની વાસ્તવિકતાઓને અનુરૂપ હોવા જરૂરી છે. રાજય સરકારે ખેડૂતોની વાસ્તવિક મુશ્કેલીઓને સમજીને જૂની અને જટિલ જોગવાઈઓમાં સુધારો કરવાનો નિર્ણય લીધો છે, જે સંવેદનશીલ અને ખેડૂત કેન્દ્રિત શાસનનું ઉત્તમ ઉદાહરણ છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે રાજયમાં વધતા શહેરીકરણ, રસ્તા, રેલવે, નહેરો, ઔદ્યોગિક વિસ્તારો, માળખાગત વિકાસ તથા પારિવારિક વારસાઈ અને વહેંચણીના કારણે ખેતીની જમીનના ક્ષેત્રફળમાં વ્યવહારિક પરિવર્તન આવ્યું છે. આવી બદલાયેલી પરિસ્થિતિમાં જૂના ધોરણોને યથાવત રાખવાને બદલે વર્તમાન જરૂરિયાતોને અનુરૂપ સુધારો કરવો આવશ્યક હતો. રાજય સરકારનો આ નિર્ણય કાયદાની જોગવાઈઓ અને જમીન પરની વાસ્તવિક પરિસ્થિતિ વચ્ચે સુસંગતતા સ્થાપિત કરશે.

હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે આ સુધારાથી ખેડૂતોના અટવાયેલા જમીન વ્યવહારોને ગતિ મળશે, વારસાઈ અને વહેંચણીની પ્રક્રિયા સરળ બનશે, મહેસૂલી કચેરીઓમાં બિનજરૂરી અરજીઓ અને વિવાદોનું પ્રમાણ ઘટશે તેમજ ખેડૂતને પોતાની જમીન અંગે કાયદેસર અને સ્પષ્ટ અધિકાર મેળવવામાં સરળતા રહેશે.

હિરેન હિરપરાએ વધુમાં જણાવ્યું હતું કે આ નિર્ણયથી ખેડૂતના સમય, શ્રમ અને નાણાંની બચત થશે. જમીનના હક્કો અને વ્યવહારોમાં સ્પષ્ટતા આવવાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ વધુ મજબૂત બનશે અને ગ્રામ્ય અર્થતંત્રને પણ વેગ મળશે.

આ પ્રસંગે હિરેન હિરપરાએ જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર દ્વારા ખેડૂતના જીવનને સરળ બનાવવા માટે ટેકાના ભાવ, સિંચાઈ, વીજળી, પાક વીમો, કૃષિ સહાય, જમીનના હક્કો અને મહેસૂલી પ્રક્રિયાઓમાં સતત ખેડૂત હિતકારી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે.

ટુકડા ધારામાં કરવામાં આવેલો આ સુધારો ખેડૂત કલ્યાણ, કાયદાકીય સરળતા અને પારદર્શક વહીવટ પ્રત્યેની ડબલ એન્જિન સરકારની અડગ પ્રતિબદ્ધતાનું વધુ એક પ્રમાણ છે.

અંતમાં હિરેન હિરપરાએ વિસ વ્યકત કર્યો હતો કે ખેતીની જમીન માટે ૧૦ ગુંઠાનું એકસમાન ધોરણ નક્કી કરવાની અને વર્ષો જૂના જમીન સંબંધિત પ્રશ્નોના ઉકેલની જોગવાઈ રાજયના અસંખ્ય ખેડૂતો અને ખેડૂત પરિવારો માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ નિર્ણયથી ખેડૂતોને તેમની જમીનના કાયદેસર અધિકારો વધુ સરળતાથી પ્રાપ્ત થશે અને ખેડૂત સમૃદ્ધ તો ગુજરાત સમૃદ્ધના સંકલ્પને વધુ મજબૂતી મળશે.

### અમરેલીથી વિસાવદરની બ્રોડગેજ રેલ્વે માટે

# ધારીનાં નવાપરા વિસ્તારમાં મિશન બ્રોડગેજ અંતર્ગત વિશાળ જનજાગૃતિ સભા યોજાઈ

## જાગૃત નાગરિકો અને જનપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં



અમરેલી, તા. ૧૮

અમરેલી થી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધાની માંગ સાથે ધારી પત્રકાર સંઘ દ્વારા અભિયાન ચલાવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત ધારી શહેરના નબાપરા વિસ્તારમાં જનજાગૃતિ સભાનું આયોજન કરવામાં આવેલ હતું. નબાપરા વિસ્તારના જાગૃત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા હતા અને બ્રોડગેજ સુવિધાની માંગણીને ટેકો આપેલ હતો.

નબાપરાની પટેલ વાડી ખાતે યોજાયેલ આ જનજાગૃતિ સભામાં ધારી નગરપાલિકાના સ્થાનિક સદસ્ય પ્રતિનિધિઓએ ખાસ હાજરી આપી હતી અને સંપુર્ણ ટેકો આપેલ હતો. હાજર રહેલા રાજકીય આગેવાનોએ જણાવ્યું હતું કે, બ્રોડગેજ સુવિધા આવશે તો વિકાસની સાથો સાથ વેપાર ઉદ્યોગને પણ વેગ મળશે, બ્રોડગેજ સુવિધાથી સુરત અમદાવાદ મુંબઈ સહિત દેશના અન્ય રાજયોમાં આવેલ શહેરો સાથે કનેકટીવીટી મળશે, આ બ્રોડગેજ સુવિધા આવવાથી પ્રવાસન તેમજ ધાર્મિક સ્થળોનો પણ વિકાસ થશે.

ઉલ્લેખનીય છે કે, અમરેલી થી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા ઝંખી રહેલ લાખો લોકોની આશાઓ અંગે ધારી ખાતે પધારેલા જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ પણ એક પ્રવચનમાં જણાવ્યું હતુ કે ધારીના વિકાસ માટે બ્રોડગેજ સુવિધા ખુબજ ફાયદાકારક છે. બ્રોડગેજની યોગ્ય માંગ સાથે સાંસદ ભરત સુતરીયાની સાથે વડાપ્રધાન મોદી તેમજ રેલ્વેમંત્રી અશ્વિની વૈષ્ણવને રજુઆત કરવા માટે દિલ્હી સુધી જશે.

# દામનગરમાં જર્જરીત બનેલ વીજપોલને બદલી દેવાયો



દામનગર, તા. ૧૮

દામનગરમા જુની શાક માર્કેટ પાછળ જર્જરીત થયેલ વીજ થાંભલાની જગ્યાએ નવો ઊભો કરાતા પીજીવીસીએલનો આભાર માનતા રહેવાસીઓ દામનગર પીછો પીજીવીસીએલના નાયબ ઈજનેર એમ.એમ.પટેલની સુચના અને હાજરી વચ્ચે ચાલુ વરસાદમાં કર્મચારી એમ.બી. ડાંગર અને સાથી કર્મચારીઓએ જૂના થાંભલાને હટાવી સીમેન્ટનો નવો થાંભલો ફિટ કરતા કામગીરીની પ્રશંસા કરી, આસપાસના રહેવાસીઓએ આભાર માનેલ.

### શિક્ષણવિદ્ છગનભાઈ ધોરાજિયાનું

# સાવરકુંડલાના અધ્યાપન મંદિર ખાતે ભાવિ શિક્ષકોના ચરિત્ર નિર્માણ માટે પ્રેરણાદાયી વ્યાખ્યાન

## જૈફવયે મનનીય વ્યાખ્યાન આપી મંત્રમુગ્ધ કર્યા



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરમાં આવેલ મહિલા અધ્યાપન મંદિર, સાવરકુંડલા ખાતે તાજેતરમાં શિક્ષણપ્રેમી અને અનુભવી શિક્ષણવિદ્ છગનભાઈ ધોરાજિયાના એક પ્રેરણાદાયી વ્યાખ્યાનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. લીલીયા પે સેન્ટર શાળાના પૂર્વ પ્રિન્સિપાલ તેમજ તરવડા પી.ટી.સી. અને બી.એડ્. કોલેજના પૂર્વ પ્રિન્સિપાલ રહી ચૂકેલા પોતાની જૈફ વયે પણ અત્યંત ઊર્જાસભર અને મનનીય વ્યાખ્યાન આપી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

સવારના ૯ થી ૧૨ દરમિયાન બે વિશેષ સેશનમાં યોજાયેલા આ રસપ્રદ સેમિનારમાં તેમણે તાલીમાર્થી બહેનોને એક આદર્શ ‘ભાવિ શિક્ષક’ કેવો હોવો જોઈએ તેની વિગતવાર સમજ આપી હતી. પોતાના વકતવ્યમાં તેમણે શિક્ષણનું સાચું મહત્વ, વ્યકિતત્વ વિકાસ, ઉચ્ચ જીવનમૂલ્યો, ચરિત્ર નિર્માણ, સમયનું સચોટ આયોજન તેમજ સમાજ પ્રત્યેની જવાબદારીઓ જેવા અનેક પાયાના મુદ્દાઓ પર ખૂબ જ અસરકારક માર્ગદર્શન પૂરૂં પાડયું હતું. તાલીમાર્થી બહેનો અને ઉપસ્થિત સૌ શ્રોતાગણે તેમના વિચારોને ખૂબ જ રસપૂર્વક સાંભળ્યા અને આવકાર્યા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં સંસ્થાના આચાર્ય બાબુભાઈ ચાવડાએ સ્વાગત પ્રવચન કરી ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે ડો.રવિભાઈ મહેતા તથા બહેન રેણુકા અરૂણાબેન વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહેમાનઓ અને સંસ્થા પરિવાર વતી આભાર વિધિ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ અત્યંત જ્ઞાનવર્ધક અને પ્રેરણાદાયી વાતાવરણમાં સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. એમ રવિભાઈ જોષીની એક યાદીમાં જણાવાયું હતું.

‘‘અમરેલી એક્સપ્રેસ’’
અમરેલી શહેરમાં આપને ‘‘અમરેલી એક્સપ્રેસ’’ દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# બાબરા : ન્યાય સમિતિના ચેરમેનની જિલ્લા ભાજપ પ્રમુખ સાથે શુભેચ્છા મુલાકાત


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકા પંચાયતની સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે નિમણૂંક પામેલા યુવા ભાજપ અગ્રણી કિરીટભાઈ બગડાએ અમરેલી ખાતે જિલ્લા ભાજપ કાર્યાલયમાં જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ કિરીટભાઈ બગડાને નવી જવાબદારી માટે હાર્દિક અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે કિરીટભાઈ બગડા સામાજિક ન્યાય સમિતિના ચેરમેન તરીકે સમાજના તમામ વર્ગોના હિતમાં સંવેદનશીલ અને જનકલ્યાણલક્ષી કામગીરી કરીને તાલુકા પંચાયતના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.

કિરીટભાઈ બગડાએ પણ જિલ્લા ભાજપના નેતૃત્વનો આભાર વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પક્ષે તેમના પર મૂકેલા વિશ્વાસને તેઓ સંપૂર્ણ નિષ્ઠા, પારદર્શિતા અને સેવાભાવથી સાર્થક બનાવશે તેમજ સરકારની લોકકલ્યાણકારી યોજનાઓનો લાભ સમાજના અંતિમ વ્યક્તિ સુધી પહોંચે તે માટે સતત કાર્યરત રહેશે. શુભેચ્છા મુલાકાત સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થઈ હતી અને સંગઠન તેમજ તાલુકાના વિકાસ સંબંધિત વિવિધ મુદ્દાઓ પર પણ સકારાત્મક ચર્ચા કરવામાં આવી હતી.

### શેડુભારનાં પૂર્વ ઉપસરપંચે કરી રજૂઆત

# અમરેલીનાં ટોડાથી શેડુભાર સુધીનો માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો

## કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવી તપાસની માંગ

અમરેલી, તા. ૧૮

અમરેલીનાં શેડુભાર ગામનાં પૂર્વ ઉપસરપંચ ભયલુભાઈ દિલુભાઈ વાળાએ માર્ગ–મકાન વિભાગનાં કાર્યપાલક ઈજનેરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલીનાં ટોડા ગામથી શેડુભાર ગામ સુધી બનતાં નવા ડામર રોડ તથા આરસીસ રોડનું કામ માર્ગ અને મકાન વિભાગ (સ્ટેટ)નું હાલમાં શરૂ છે, જેમાં એજન્સી દ્વારા એટલી બધી નબળી ગુણવત્તાવાળુ કામ કરવામાં આવે છે કે હજુ તો રોડનું કામ પૂર્ણ પણ થયું નથી અને રોડ જેટલો બની ગયેલ છે તેમાં મસમોટી તિરાડો પડી ગઈ છે અને રોડ ફાટવા લાગ્યો છે. આ તો જનતાના ટેક્ષનાં પૈસાનો ખોટો વેડફાટ એજન્સી દ્વારા કરવામાં આવી રહ્યો છે. એજન્સી દ્વારા રોડનું નબળી ગુણવત્તાવાળુ કામ કરીને સરકારની આંખોમાં ધૂળ નાખીને લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. તો યોગ્ય તપાસ કરીને સત્વરે આ નબળુ કામ રોકવામાં આવે અને જવાબદાર અધિકારીઓ તથા એજન્સી સામે કડકમાં કડક કાયદાકીય પગલાં લેવામાં આવે તથા એજન્સીનું બિલ અટકાવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

## રાજકોટની ૨૦થી વધુ ગૌશાળાઓ અને ૭૦ જેટલા ગૌ સેવકોની કલેકટરને રજૂઆત

# દુષ્કાળની વિકટ પરિસ્થિતિમાં અબોલ પશુઓને બચાવી લો

**દુષ્કાળની વિકટ પરિસ્થિતિને કારણે ગાય, બળદ સહિતનાં અબોલ પશુઓ માટે ઘાસચારાની અછત**

**નાણા હોવા છતાં પણ બજારમાં લીલુ ઘાસ તો દૂરની વાત સુકુ ઘાસ પણ મળતુ નથી**

**લાખો પશુઓ માટે ઘાસચારા વિના જીવન ટકાવવુ અત્યંત મુશ્કેલ બની રહ્યું છે**

**સરકાર યુધ્ધનાં ધોરણે રિઝર્વ ફોરેસ્ટનાં ઘાસનાં ભંડાર ખુલ્લા મુકે**





અમરેલી, તા. ૧૮

સમગ્ર સૌરાષ્ટ્ર, કચ્છ તેમજ ગુજરાતના અનેક વિસ્તારોમાં સર્જાયેલી વિકટ દુષ્કાળની પરિસ્થિતિને કારણે ગાય, બળદ સહિતના અબોલ પશુઓ માટે લીલા તેમજ સૂકા ઘાસની અભૂતપૂર્વ અછત સર્જાઈ છે. છેલ્લા ઘણા વર્ષો બાદ આવી ગંભીર સ્થિતિ સર્જાતા ગૌશાળાઓ, પાંજરાપોળો તેમજ માલધારી સમાજ ભારે ચિંતામાં મુકાયો છે. હાલમાં એવી સ્થિતિ છે કે માત્ર નાણાં હોવા છતાં પણ બજારમાં પશુઓને ખવડાવવા માટે પૂરતું ઘાસ ઉપલબ્ધ નથી. લીલું ઘાસ તો દૂરની વાત છે, સૂકું ઘાસ પણ મળતું નથી.

આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને રાજકોટ શહેરની વિવિધ ગૌશાળાઓ, જીવદયા સંસ્થાઓ, ગૌ સેવકો અને ગૌપાલકોએ સંયુકત રીતે રાજકોટ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવી રાજય સરકાર સમક્ષ તાત્કાલિક પગલાં લેવા રજૂઆત કરી હતી.

રજૂઆતમાં જણાવાયું હતું કે સમગ્ર સૌરાષ્ટ્ર અને કચ્છમાં ચોમાસું નબળું રહેતા ચારો ઉત્પાદન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું છે. આજે જો રાજયમાં સારો વરસાદ પણ શરૂ થાય તો પણ નવું ઘાસ તૈયાર થવામાં ઓછામાં ઓછા બે મહિનાનો સમય લાગશે. આ દરમિયાન ગૌશાળાઓ, પાંજરાપોળોમાં રહેતા પશુઓ અને માલધારીઓના લાખો પશુઓ માટે ઘાસચારા વિના જીવન ટકાવવું અત્યંત મુશ્કેલ બની રહ્યું છે.

રાજકોટ જીલ્લામાં હાલ અંદાજે ૨૦૦ જેટલી જીવદયા સંસ્થાઓ અને ગૌશાળાઓ હજારો ગાય, બળદ, ભેંસ, વૃદ્ધ અને નિરાધાર પશુઓની સેવા કરી રહી છે. આ ઉપરાંત રાજકોટ, મોરબી, કચ્છ સહિતના વિસ્તારોમાં હજારો માલધારીઓ પોતાના પશુઓનું પાલન કરી રહ્યા છે. પરંતુ લીલા અને સૂકા બંને પ્રકારના ઘાસની ગંભીર અછતને કારણે પશુઓને પૂરતો ચારો મળી રહ્યો નથી. અનેક સ્થળોએ ગૌશાળા સંચાલકોને રોજિંદા ચારા માટે ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે.

ગૌશાળા સંચાલકોએ જણાવ્યું હતું કે હાલમાં બજારમાં ચારો ઉપલબ્ધ નથી અને જયાં થોડો ઘણો મળે છે ત્યાં ભાવમાં પણ અસામાન્ય વધારો થયો છે. જેના કારણે નાની અને મધ્યમ ગૌશાળાઓ માટે ગૌસેવાનું કાર્ય જાળવી રાખવું અત્યંત કપરૂં બન્યું છે. જો આગામી દિવસોમાં તાત્કાલિક વ્યવસ્થા કરવામાં નહીં આવે તો હજારો અબોલ પશુઓ ભૂખમરાની પરિસ્થિતિમાં મુકાઈ શકે છે.

આથી રજૂઆતમાં રાજય સરકારને ખાસ વિનંતી કરવામાં આવી છે કે વન વિભાગ હેઠળ આવેલા રિઝર્વ ફોરેસ્ટ વિસ્તારમાં વર્ષોથી સંગ્રહિત ઘાસના ભંડારો તાત્કાલિક ગૌશાળાઓ, પાંજરાપોળો અને માલધારીઓ માટે ખુલ્લા મૂકવામાં આવે. સાથે સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ઘાસનું યોગ્ય આયોજન, પરિવહન વ્યવસ્થા તથા જરૂરી સહાય ઉપલબ્ધ કરાવવામાં આવે જેથી આગામી બે મહિનાનો સંક્રમણ સમયગાળો સરળતાથી પસાર થઈ શકે.

રજૂઆતમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો કે ગૌધન માત્ર ધાર્મિક આસ્થાનું પ્રતિક નથી પરંતુ કૃષિ અને ગ્રામ્ય અર્થતંત્રનો મહત્વપૂર્ણ આધાર સ્તંભ છે. લાખો પરિવારોની આજીવિકા પશુપાલન સાથે સંકળાયેલી છે. તેથી ગૌધનની સુરક્ષા કરવી એ માત્ર જીવદયા નહીં પરંતુ રાજયના કૃષિ અને પશુપાલન ક્ષેત્રને બચાવવાની પણ જવાબદારી છે. કલેકટરે ગૌશાળા સંચાલકોની રજૂઆત ધ્યાનપૂર્વક સાંભળી સમગ્ર બાબત રાજય સરકાર સુધી પહોંચાડવાની અને યોગ્ય સ્તરે રજૂઆત કરવાની ખાતરી આપી હતી.

રજૂઆતમાં ભાગ લેનાર સંસ્થાઓમાં મુખ્યત્વે કિશાન ગૌશાળા, શ્રીજી ગૌશાળા, ગોવર્ધન ગૌશાળા, સંતોષી ગૌશાળા, રાધે ગૌશાળા, ઓમ વરછરાજ ગૌશાળા, રાધેશ્યામ ગૌશાળા (રૈયાધાર), ધરતી ચેરિટેબલ ટ્રસ્ટ, રાધાકૃષ્ણ ગૌશાળા, ગુરૂ દત્તાત્રેય ગૌશાળા, દાતાર ગૌશાળા, વિવેકાનંદ કેડાવડી મંડળ (પડધરી), ગોવિંદ ગૌશાળા, અર્ચુતમ ગૌશાળા, કામધેનુ ગૌશાળા (બેડી), રામ કૃપા ગૌશાળા, દ્વારકેશ ગૌશાળા, શ્યામ ગૌશાળા, વસુંધરા ગૌશાળા, રાધે રાધે ગૌશાળા, જય બહુચરાજી ગૌશાળા, કરૂણા ગૌશાળા તથા ગોકુલ ગૌશાળા, નકળંગ ગૌશાળા સહિતના ગૌશાળાઓના ટ્રસ્ટીઓ અને રાજકોટ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી આશરે ૬૦થી ૭૦ જેટલા ગૌપાલકો, ગૌસેવકો ઉપસ્થિત રહ્યા હતા.

અંતમાં ગૌશાળા સંચાલકો અને ગૌસેવકોએ રાજય સરકારને અપીલ કરી હતી કે આ દુષ્કાળની વિકટ પરિસ્થિતિને આપત્તિ સમજી તાત્કાલિક અસરથી રિઝર્વ ફોરેસ્ટના ઘાસના જથ્થા ઉપલબ્ધ કરાવવામાં આવે. વિશેષ માહિતી માટે મો. નં. ૯૭૨૫૨ ૧૯૭૬૧ પર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.


ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦



જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ–મકાન–દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.9426831241



ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૯, પહેલા માળે, ફિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪



સ્પર્ધાત્મક પરીક્ષાનાં વર્ગો
માસિક ફી રૂા. ૧૨૫૦/–
ઓજસ કલાસીસ–અમરેલી
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧



Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com









હમરાજ ગાઠીયા હાઉસ
શુધ્ધ સીંગતેલમાં ગરમા-ગરમ વણેલા ગાઠીયા
અમારે ત્યાં સવારે ૭ થી બપોરે ૧ સુધી
દર શનિવારે અને મંગળવારે તાજે-તાજી શુધ્ધ માહી ઘી માં ડ્રાયફ્રુટથી ભરપુર મીઠી ગુંદી મળશે
બપોર પછી ૬ થી ૯ સુધી તમામ ફરસાણ શુધ્ધ સીંગતેલમાં મળશે ૧ કિલોનો ભાવ માત્ર રૂા. ૨૮૦/-માં
સ્થળ : જુના માર્કેટયાર્ડના ગેઇટની સામે, ક્રિષ્ના ડાઈનિંગ હોલની નીચે, અમરેલી
સંપર્ક ભાણાભાઈ મો : ૯૭૩૭૦ ૫૮૧૬૪



















# ૧૯૬૬ સદાબહાર ગીત, બહારો ફૂલ બરસાવો.. મેરા મેહબૂબ આયા હૈ.. મેરા મેહબૂબ આયા હૈ સાયોનારા... સાયોનારા.. વાદા નિભાવુંગી સાયોનારા. તું જહાં જહાં ચલેગાં.. મેરા સાયા સાથ હોંગા.. મેરા સાયા... આજા આજા મે હું પ્યાર તેરા.. અલલાહ અલલાહ ઇનકાર તેરા... દિલને ફીર યાદ કિયા. બર્ફ સી લહેરાઇ હૈ.. દિલને ફીર યાદ કિયા

**પ્રકરણ -૨૯૪**

**પ્રિય-વાચક મિત્રો, ૬ ૭**

સમય જતાં વાર લાગતી નથી. ૧૯૬૬ના વર્ષની ફિલ્મો પૂર્ણ કર્યા બાદ આજે ૧૯૬૬માં અમર થયેલ કલાકારોને શ્રદ્ધાંજલી અને ફિલ્મ ફેર એવાર્ડની વાત કરીયે અને સાથે ૧૯૬૭ની ફિલ્મોની વાત કરીયે.

૧૯૬૬ના વર્ષની સુપર હિટ નંબર એક ફિલ્મ ફૂલ ઓર પથ્થરના સંગીત વિષે વાત કરીયે, તો સંગીત રવિનું અને ગીત શકીલ બદાયુની ના હતા, ફિલ્મમાં આશાજીએ અલગ અલગ અંદાઝમાં સ્વર આપેલ છે, જેમ કે, શિશે સે પી યા પેમાંને સે પી ..અને ઝીંદગી મે પ્યાર કરના શીખ લે ..બન્ને ગીતોમાં તેમના માદક સ્વરનો ઉપયોગ કર્યો છે, ઝીંદગી મે પ્યાર કરના માં રોક સ્ટાઈલનો પણ ઉપયોગ થયો છે. તો સુન લે પુકાર ગીત માંદર્દ ભર્યા સ્વરમાં આશાજી એક ગાયિકીની એક અલગ ઊંચાઈએ પહોચે છે, રફી સાહેબના સ્વરના ગીતો પણ લોકપ્રિય હતા.

૧૯૬૬માં ફિલ્મી કલાકારોમાં મહાન ગીતકાર શૈલેન્દ્ર આ ફાની દુનિયા છોડી અમર થયા. ૩૦-૮-૧૯૨૩ માં જન્મેલા શૈલેન્દ્ર હિન્દી સિનેમાના જાણીતા ગીત કાર હતા. શંકર જયકિશન , અને રાજ કપૂર સાથે ની તેમની મિત્રતા જાણીતી છે. તેમના નિર્માણની ફિલ્મ તીસરી કસમની વાત દરમ્યાન આપણે તેમના જીવનની દર્દ ભરી વાતોને જાણી હતી. તેઓ અંતિમ દિવસોમાં શરાબની લતે લાગી ગયા હતા. ૧૯૬૭ની ફિલ્મ જવેલ થિફમાં તેમના ગીતના શબ્દો છે, રૂલા કે ગયા સપના મેરા ... જે તેમની આંતરિક વ્યથાને રજૂ કરે છે. આવા મહાન




ગીતકાર માત્ર ૪૩ વર્ષની વયે ૧૪-૧૨-૬૬ ના રોજ અમર થયા, તે દિવસે તેમના અંગત મિત્ર રાજ કપૂરનો જન્મ દિન પણ છે. જેની વાત આપણે કરી ચૂક્યા છીએ.

આશા ભોસલેના પતિ ગણપત રાવ ભોસલે જેનો જન્મ ૧૯૧૬માં થયો હતો તેઓ ૧૯૬૬માં દુનિયા છોડી ગયા હતા. ઈશ્ર આ અમર કલાકારોને શાંતિ અર્પે.

૧૯૬૬ના ફિલ્મ ફેર એવાર્ડ જે ૧૯૬૭માં મુંબઈમાં આપવામાં આવ્યા હતા. જે નીચે મુજબ છે.

બેસ્ટ ફિલ્મ - ગાઈડ - નોમિનેટ ફિલ્મ - અનુપમા અને મમતા, બેસ્ટએક્ટર - દેવ આનંદ, ફિલ્મ ગાઈડ, નોમિનેટ કલાકાર - ધર્મેન્દ્ર, ફૂલ ઓર પથ્થર અને દિલિપ કુમાર ફિલ્મ દિલ દિયા દર્દ લિયા માટે, બેસ્ટ અભિનેત્રી - વહિદા રેહમાન - ફિલ્મ ગાઈડ, નોમિનેટ અભિનેત્રીઓ, મીના કુમારી ફિલ્મ ફૂલ ઓર પથ્થર અને સૂચિત્રા સેન ફિલ્મ મમતા માટે, બેસ્ટ નિર્દેશક - વિજય આનંદ, ફિલ્મ ગાઈડ નોમિનેટ નિર્દેશક - આસિત સેન ફિલ્મ મમતા અને ઋષિકેશ મુખર્જી ફિલ્મ અનુપમા . બેસ્ટ સપોર્ટિંગ એક્ટર - અશોક કુમાર ફિલ્મ અફસાના, નોમિનેટ કલાકાર ..પ્રાણ ફિલ્મ દિલ દિયા દર્દ લિયા અને રહેમાન ફિલ્મ દિલને ફીર યાદ કિયા . બેસ્ટ સપોર્ટિંગ અભિનેત્રી -સિમી ગ્રેવલ - ફિલ્મ દો બદન .. નોમિનેટ અભિનેત્રીઓ - શશિકલા ફિલ્મ અનુપમા , અને શશિકલા ફિલ્મ ફૂલ ઓર પથ્થર . બેસ્ટ કોમેડિયન -મેહમુદ - ફિલ્મ પ્યાર કિયે જા ,,નોમિનેટ કલાકાર ..મેહમુદ ફિલ્મ લવ ઈન ટોકયો, અને ઓમ પ્રકાશ ફિલ્મ પ્યાર કિયે જા. બેસ્ટ સંગીત કાર - શંકર જયકિશન -ફિલ્મ સુરજ - નોમિનેટ સંગીત કાર ..રવિ ફિલ્મ દો બદન અને એસ ડી બર્મન ફિલ્મ ગાઈડ . બેસ્ટ ગીતકાર ..હસરત જઈપૂરી ..ગીત ..બહારો ફૂલ બારસાઓ ...




નોમિનેટ ગીતકાર, શૈલેન્દ્ર ગીત સજન રે જૂઠ મત બોલો ..ફિલ્મ તીસરી કસમ અને શકીલ બદાયુની, ગીત નસીબ મે જિસ કે ..ફિલ્મ દો બદન . બેસ્ટ ગાયક -રફી સાહેબ -ગીત બહારો ફૂલ બારસાઓ ... બેસ્ટ ગાયિકા .. લતા મંગેશકર , ગીત ..લો આ ગઈ .ઉન કી યાદ ..ફિલ્મ દો બદન .. બેસ્ટ કહાની - આર કે નારાયણ .. ફિલ્મ ગાઈડ, બેસ્ટ સંવાદ - વિજય આનંદ -ફિલ્મ ગાઈડ . બેસ્ટ આર્ટ - બ્લેક એન્ડ વ્હાઈટ માટે સંત સિંગ ..ફિલ્મ યે રાત ફીર ના આએગી, અને રંગીન ફિલ્મ માટે, શાંતિ દાસ, ફિલ્મ ફૂલ ઓર પથ્થર, બેસ્ટ સિનેમા ઓટો ગ્રાફી . બ્લેક એન્ડ વ્હાઈટ માટે જયવંત પઠારે ..ફિલ્મ અનુપમા ..રંગીન ફિલ્મ માટે ફાલ મિસ્ત્રિ ..ફિલ્મ ગાઈડ . બેસ્ટ અડિટિંગ . વસંત બારકર .ફિલ્મ ફૂલ ઓર પથ્થર . બેસ્ટ સાઉન્ડ - મનોહર એલેલ્કર -ફિલ્મ મેરા સાયા. ગાઈડ ફિલ્મને સાત, સુરજને ત્રણ. ફૂલ ઓર પથ્થરને બે અને અનુપમા અને દો બદન ફિલ્મને એક એવાર્ડ પ્રાપ્ત થયા હતા.

૧૯૬૭ના ફિલ્મી સફરમાં આપણે પ્રવેશી ચૂક્યા છીએ. ૧૯૬૭માં નવા આવેલ કલાકાર, ગીતકાર અને નિર્માતા, નિર્દેશકનો પરિચય તેમની ફિલ્મો સાથે કરતાં રહેશું. ૧૯૬૭માં આજે આપણે ધાર્મિક ફિલ્મોની વાત કરીશું.

રામ રાજય - આ ફિલ્મ ૧૯૬૭ની ધાર્મિક ફિલ્મોમાં સફળ રહી. નિર્દેશક વિજય ભટ્ટની ફિલ્મ રામ રાજય ૧૯૪૦માં પણ બની હતી. જે રામના જીવન ચરિત્ર પર આધારિત હતી. ૧૯૬૭ની ફિલ્મ વાલ્મીકિ અને તુલસીદાસ રામાયણની સાથે ભવભૂતિના ઉત્તર રામાયણને પણ આવરી લઈ આ ફિલ્મ બનાવવામાં આવી હતી. ફિલ્મ રંગીન હતી. અને રામ અને સીતાજીના પુત્રો લવ અને કુશની વાત અહી રજૂ કરવામાં આવી છે. ગુજરાતી ફિલ્મોની સફળ અભિનેત્રી સ્નેહલતાની આ પ્રથમ ફિલ્મ છે, જેમાં તેઓએ નાની ભૂમિકા ભજવી છે. ફિલ્મનું નિર્દેશન વિજય ભટ્ટ અને નિર્માણ શંકરભાઈ ભટ્ટનું, ગીત ભરત




વ્યાસ અને સંગીત વસંત દેસાઈનું હતું. ફિલ્મમાં કુમાર સેન, બીના રોય, બદ્રિ પ્રસાદ, ગોપી કૃષ્ણ, સ્નેહલતા, કન્હૈયા લાલનો અભિનય હતો. લવ અને કુશની વાર્તા પરથી તેજ નામની ફિલ્મ લવ-કુશ પણ ૧૯૬૭માં પ્રદર્શિત થઈ હતી. જેમાં સુશિલ કુમાર, જયશ્રી ગડકર, બી એમ વ્યાસનો અભિનય, જાણી ગોમેજનું સંગીત હતું. એજ રીતે અભિ ભટ્ટા ચાર્ય, નિરૂપા રોય, સુલોચના, જીવન, સુંદરથી અભિનીત ધીરૂભાઈ દેસાઈના નિર્માણ અને નિર્દેશનમાં ઉષા ખન્નાના સંગીતમાં ફિલ્મ બદ્રિનાથ યાત્રા સફળ ના રહી. આ ફિલ્મ એક વ્યભિચારી જીવનથી સંત બનવા સુધીની જીવન યાત્રા પર આધારિત રહી.

હવે વાત કરીશું, દારા સિંગની ફિલ્મો વિષે, દારા સિંગની ગત વર્ષે જે ફિલ્મો હતી તે પૈકી આ વર્ષે માત્ર ત્રણ ફિલ્મો આવી, દર્શકો દારા સિંગની ફિલ્મોમાં તેના શરીર કૌશલય અને કુસ્તી ની ફાઈટ થી થોડા દૂર થતાં જતાં દેખાઈ રહ્યા છે, છતા દારા સિંગ હજુ આગામી વર્ષોમાં ફિલ્મોમાં હીરો પે દેખાતા રહેશે. ટ્રીપ ટુ મૂન એટલે કે ચંદ્ર પર ચડાઈ નામની દારા સિંગની અવકાશ યાત્રા પરની ફિલ્મ આવી. હિન્દી સિનેમા માટે આ પ્રયોગ નવો હતો. ટી પી સુંદરમના નિર્દેશનમાં, ઉષા ખન્નાના સંગીત અને અશદ ભોપાલીના ગીત સાથે આ ફિલ્મમાં દારા સિંગ, એસ નાઝીર, અનવર હુસેન, માં. ભગવાન, પદ્મા ખન્ના, જી રતના, એ કામ કર્યુ. અવકાશ યાત્રી દારા અને તેના સાથી રતના અને ભગવાન અને પદ્મા ચંદ્ર પર જાય છે, ત્યાં તેમનો મુકાબલો અંતરિક્ષ માનવો સાથે થાય છે. ત્યાંના રોબોર ટાઈપ ના માનવીઓ, વિચિત્ર પ્રાણીઓ સાથે દારાની ફાઈટ જોવા જેવી છે. ફિલ્મ તેની ફોટોગ્રાફી અને એડિટિંગના લીધે પરગ્રહ પરની ફિલ્મ લાગતી નથી. દારા સિંગ અને મુમતાઝની સાથે અજિત, શેખ મુખતર સુંદરથી અભિનીત ફિલ્મ દો દુશ્મન સફળ ના રહી. તો દારા સિંગ, નીશી હેલેન, અજિત અને શેખ મુખતર ની એક્શન ફિલ્મ સરદાર પણ સફળ ના રહી. આ ફિલ્મનું સંગીત ઉષા ખન્ના અને ગીત અશદ ભોપાલી ના હતા.

માસ્ટર ભગવાનની ફિલ્મ છેલા બાબુમાં સલિમ, સુશિલ કુમારમાં ભગવાન, નાઝ અને રાજેન્દ્રનાથનો અભિનય રહ્યો, ફિલ્મના ગીતો મજરૂહના અને સંગીત લક્ષ્મીકાન્ત પ્યારેલાલનું હતું. જેના રફી સાહેબનું રેર સોંગ, તેરે પ્યારને મુજે ગમ દિયા અને મુકેશ જીના સ્વરમાં કયૂ ઝૂકી ઝૂકી નઝર ..યાદગાર રેર સોંગ પૈકી ના છે. ફિલ્મ સફળ ના રહી. તો પૃથ્વી રાજ કપૂરની એકશન ફિલ્મ શમશેર જેમાં પૃથ્વી રાજ કપૂર, લક્ષ્મી છાયા, અરૂણા ઈરાની, જીવન, હેલેનનો અભિનય રહ્યો આ ફિલ્મ પણ સફળ ના રહી. રહેમાનની ચરિત્ર અભિનેતા રૂપે સફળ ફિલ્મ આવશે, પણ હીરો રૂપેની નુતન, રહેમાન, સુધીર, અસિત સેન અભિનીત ફિલ્મ મેરા મુન્ના. સફળ ના રહી આ ફિલ્મનું નિર્દેશન મધુસૂદનનું હતું, લતાજીના સ્વરમાં સોજા, લડકે, સોજા મુન્ના અને એ માં તેરે હમ પે ..ગીત લતાજીના રેર સોંગમાં સામેલ છે. શ્યામ કુમારની દિલરૂબા જેમાં તેમની સાથે કુમકુમ અને અજિતે કામ કર્યુ તે ફિલ્મ પણ સફળ ના રહી. આગામી અંકમાં ઉતમ કુમાર અને અન્ય કલાકારો સાથેની ૧૯૬૭ની સફર આગળ વધારીશું. આભાર. હિતેશ જોશી. ૧૯-૭-૨૬

## ॥ વર્ષા ધારે ઉતરી આવ્યા, હરિવર ગાયે ગાન અવની આખી ઝરમર છલકે ગાય મધુરું ગાન ॥

# સુખી અને સાર્થક જીવનનું રહસ્ય




**ડો. ધીરજકુમાર વ્યાસ**
મો. ૯૪૨૭૨ ૪૪૨૫૧ (એડવોકેટ)
બગસરા


કબીર કહે છે : ''કબીર સો કોસ ફિરીયો, મનખા તણો દુકાળ ! ચારે બાજુ ખૂબ ફરીને જાણ્યું કે માનવતાનો દુકાળ છે. કેટલુ સત્ય ? કેટલુ સચોટ ! એમ પત્રકાર મિત્ર મળેલો ત્યારે આ પંકિત મેં સંભળાવી. ત્યારે મને કહ્યું કે મને આવા વાસ્તવિક અનુભવો થયા છે. બે દિવસ પહેલાનો પ્રસંગ કહું ? અમદાવાદનો રોડ, સવાર પીક અપ ટાઈમમાં એક દીકરી એકટીવા લઈને જતી હતી. સામેથી આવતી મોટર અને વચ્ચે અચાનક આવી પડેલ ગાય.. આમ એકસીડન્ટ થયો એકસીડન્ટ ભયંકર હતો છોકરી તો ત્યાં જ સ્થળ ઉપર મૃત જેવી હતી. માણસો ભેગા થઈ ગયા. મોટરમાં બેઠેલાને પણ ગંભીર ઈજાઓ થઈ હતી તેમ છતાં ભેગા થયેલા માણસો ડ્રાઈવરને બેફામ મારવા લાગ્યા રોડની બન્ને બાજુ વાહનો અટકી પડયા... ઓફિસનો સમય હોવાથી બધા બુમાબુમ કરતા હતા. આવા ગંભીર અકસ્માતમાં મદદ કરવાને બદલે, ઘણા વિડીયો ઉતારતા હતા. વાહનો અટકયા હોવાથી રસ્તામાં વાહન રોકી વેચવા વાળા પોતાની વસ્તુ વેચી રહ્યા હતા કેટલાક ભીખ માગી રહ્યા હતા. પોલીસ આવી તેમના માટે આ કોઈ ગંભીર ઘટના ન હોય તેમ વાતો કરતા કામ કરતા હતા વરસો પહેલા સ્કૂલમાં એક પાઠ ભણાવવામાં આવતો એ ચિત્ર અહીં આબેહૂબ ભજવાતુ હતું. એ વાર્તામાં એક ગરીબ ભીખારીનો દસ વરસનો છોકરો ટ્રેન હડફેટે આવી મૃત્યુ પામ્યો હતો. ગરીબ બાપ બાજુમાં પડેલ પથ્થર લઈ માથુ કૂટતો હતો. આંસુ સાથે હૈયાફાટ રૂદન વચ્ચે લોકોનું ટોળુ લોકોના ઉદગારો એવા સંવેદનહીન હતા કે કાળ જુ કંપી જાય. ખારી શીંગવાળાની બધી ખારીશીંગ વેચાઈ ગઈ એટલે રાજી થતો હતો. પોલીસવાળાને આવો ટાઈમ મળ્યો હવે સાંજે પત્નીને પીકચર જોવા લઈ જઈશ તેમ કહેતો હતો. આવા ભયાનક દશ્ય વચ્ચે લોકો સૌ પોતપોતાના સ્વાર્થ શોધતા હતા આ દશ્ય એક સ્ત્રીને રડાવી ગયુ કારણ કે માણસોને મોડું થતું હતું. એટલે બબડતા હતા એક ભીખારી છોકરો કચરાઈ ગયો..! જગત સંવેદના વગરનુ બનતુ જાય છે તેમ છતાં માણસની સારપ પણ જોવા મળે છે અમદાવાદના યુવતીના મૃત્યુએ તેમના પરિવારે અંગદાન આપી ચાર જણાને નવી જિંદગી આપી પ્રેમ, કરૂણા, દયા અને માનવતા જગાવે એવી ઘટનાઓ અખબારમાં વધુ ને વધુ આવવી જોઈએ જેથી માનવીમાં રહેલ મહેંકને સુગંધ મળે.

સંવદનશીલતા જુકી કરનારા આપણી પાસે ઘણા કારણો હોય છે પરંતુ સૂરજ હમેશા ઉગે છે. અંધારૂ થોડીવારનું છે. દરેક ગમે તે રીતે પોતાના જીવનને અનુકૂલન કરી દેવાનુ છે ઈશ્વરને શરણે જવાથી અશાનો સૂરજ ઉગશે કવિ શામળ કહે છે !

''ગુણ કેડે તો ગુણ દશ ગણો,
મન, વાચા, કર્મ કરી,
અવગુણ કેડે જે ગુણ કરે, તે
જગત માં જીત્યો સહી.''

અવગુણની સામે આપણે ગુણ કરી બતાવીએ તો જ આપણે જગતમાં સાર્થક જીત્યા ગણાઈએ. પત્રકારની ડાયરી વાંચી અજાણ્યા માણસના ચહેરાનું દર્દ તે સમજી બધું પૂછી લેતા. આત્મ હત્યાનાં માર્ગે જનાર એક યુવકને એક રેડીયો સ્ટેશનમાં લઈ ગયો, બાળપણમાં બે પગ ગોઠણથી ગુમાવનાર વ્યકિતની ઓળખાણ કરાવી પેલી વ્યકિતએ અદ્દભુત દિલાસો આવ્યો ભાઈ, મારે તો બે શસકત પગ નથી એક હાથની ખોડ છે. તું તો શરીરથી સશક્ત છે તારૂ મન બિમાર છે તારા મનની સારવાર કરાવ તારીમાં ઘણી શકિત ભગવાને આપી છે. તારા શકિતની ઓળખ અને મહેનત કરવામાં લાગી જા. યુવાનને ભાન થયું કે આ અપંગ યુવક રેડીયોમાં નિરાશ લોકોને માર્ગદર્શન આપવાનું કામ કરતો હતો. આપણા દેશમાં ઘણા તેજસ્વી યુવાન-યુવતીઓ છે. લાયકાત છે પણ નોકરી નથી આગળ વધી શકે તેવી સંભાવના હોવા છતાં આપણો સમાજ ટીકા ઈર્ષ્યાથી તે નિરાશામાં ડૂબતો જાય છે બધાને ભરપુર જીવન જીવવાની મોકળાશ આપો, તક આપો, પાંખ આપો, આકાશમાં ઉડાન ભરવા માટે પ્રોત્સાહન આપો પ્રેમ આપો કયારેય આજનો યુવાન નિરાશ ન થાય, હિંમત ન હારે તેમનું ધ્યાન આપણે આપણા સમાજને રાખવાનુ છે દરરોજ આત્મહત્યાના બનાવો વાંચવા મળે તેનું કારણ આપણો સભ્ય સમાજ છે. જે વેદના, અભાવને સમજી શકવા પ્રયત્ન કર્યો નથી. માણસ ઈચ્છાઓ આકાંક્ષાઓથી બનેલું પૂતળું છે. પરંતુ છેવટે તો પ્રભુની ઈચ્છા મુજબ જ થાય છે. Thy will be done ઈશ્વરને જે કરે તે ખરૂ સમજુતીનો આ શ્રેષ્ઠ માર્ગ છે.

ફળિયામાં લીમડાના ઝાડ ઉપર ચકો અને ચકી વારંવાર આવન-જાવન કરતા જોઈ હું ફળિયામાં ગયો. ચકલો અને ચકલી ચાંચમાં કંઈક ખોરાક લઈને આવે એટલે માળામાંથી બચ્ચા ચીં ચીં કરતા બહાર આવે છે અને બચ્ચાની ચાંચમાં મૂકી ફરી ઉડી જાય આ દશ્ય જોઈ પત્નીને બૂમ પાડી એક સુંદર દશ્ય બતાવું. પત્નીને મેં કહ્યું બે દિવસ પહેલા સામેના ઘરેથી આઠ વરસની દીકરી દોડતી આવીને આપણને બોલાવ્ય; હતા. અંકલ આવોને પપ્પા મમ્મીને મારે છે. અમે ગયા. બન્ને શરમાયા. કોઈપણ સંજોગોમાં રસ્ત્રીને મરાય નહિ. પાપ લાગે વગેરે. મને કહ્યું. પણ તમે શું કહેવા માગો છો. આ ચકલા પસી કેટલા સંપીલા સમજદાર છે. અને માણસો ? (અપૂર્ણ)

# ''કુદરતના યુ-ટર્ન પર ભરોસો રાખો'': કમનસીબી કે , દૈવી






ડો. અમિતકુમાર રસિકલાલ મહેતા
મો. ૯૮૪૪૮ ૯૦૦૫૯ અમરેલી


આપણે બધા જિંદગીમાં એક સીધો, સપાટ અને સુખનો હાઈવે શોધી રહ્યા છીએ. આપણે ધારીએ છીએ કે આપણે જે આયોજન કરીએ, ધંધાના જે બજેટ બનાવીએ કે ઓફિસમાં જે ટાર્ગેટ નક્કી કરીએ, એ બધું આપણી ગણતરી મુજબ જ ચાલવું જોઈએ. પણ, જિંદગી કયારેય આપણા કેલ્કયુલેટરથી નથી ચાલતી. ઘણીવાર એવું બને કે આપણી ચાલતી ગાડી અચાનક અટકી જાય, કોઈ મોટો સોદો હાથમાંથી નીકળી જાય, અથવા કોઈ સારો લાગતો રસ્તો અચાનક બંધ થઈ જાય. આવા સમયે માણસ અંદરથી સાવ હિંમત હારી જાય છે અને મૂંઝાઈને બેસી જાય છે કે, ''મારા જ નસીબ ખરાબ છે !''

પણ એક સરસ જાપાનીઝ ફિલોસોફી આપણી આંખો ઉઘાડી નાખે તેવી છે. એમાં બહુ ઊંડી વાત કહી છે કે : ''જો તમારી બસ ચૂકી ગઈ હોય, તો બની શકે કે તમે કોઈ મોટા અકસ્માતમાંથી બચી ગયા છો. જો તમને ક્યાંકથી જાકારો (Rejection) મળ્યો હોય, તો બની શકે કે તમે કોઈ ખોટી જગ્યાએ ફસાતા બચી ગયા છો. અને જો કોઈ તમારી જિંદગીમાંથી ચાલ્યું ગયું છે, તો બની શકે કે કુદરત કોઈ સાચા અને સારા માણસ માટે જગ્યા ખાલી કરી રહી છે.'' જેને આપણે આપણું બેડ-લક અથવા કમનસીબી સમજીએ છીએ, એ હકીકતમાં ઉપરવાળાની છુપી સુરક્ષા હોઈ શકે છે !

**આડાઅવળા રસ્તા અને અંદરનું ખમીર** જયારે જિંદગી આપણી ધારણા કરતાં ઊંધા રસ્તે ચાલે, ત્યારે અકળાવાને બદલે એ વળાંકને સ્વીકારી લેવો એ જ સાચી સમજદારી છે. કુદરત જયારે આપણો રસ્તો બદલે છે, ત્યારે એ આપણને કમજોર કરવા નથી માંગતી, પણ આપણી અંદર છુપાયેલી શકિતને બહાર લાવવા માંગે છે. જો આપણને બધું જ આપણી ગણતરી મુજબ ઈન્સ્ટન્ટ મળતું રહે, તો માણસ કયારેય અંદરથી લોખંડી બની જ ન શકે.

લોઢું જેમ ભઠ્ઠીમાં તપે અને ટાંકણાના ઘા ખમે એમ જ માણસ મુશ્કેલ સમયના વળાંકોની વચ્ચે સાચો ઘડાય છે. શકિત (Strength) કોઈ બજારમાં નથી મળતી, એ તો



આવા પ્રતિકૂળ સમયમાં પણ હકારાત્મક રહીને અડીખમ ઊભા રહેવાથી જન્મે છે. જો આપણે નબળા બનીને પરિસ્થિતિથી ભાગીશું, તો ઓચિંતાઓ આપણને કચડી નાખશે. પણ જો આપણે કુદરતના આયોજન પર ભરોસો રાખીશું, તો ગમે તેવા તોફાનો પણ આપણી સામે રસ્તો બદલવા મજબૂર થઈ જશે.

**કુદરતના ઓડિટ પર ભરોસો રાખો (Trust the Detour)** જિંદગીનું અસલી સરવૈયું (Balance Sheet) ઉપરવાળો માંડીને બેઠો છે. આપણે માત્ર આજનું નુકસાન કે હાથમાંથી ગયેલી તક જોઈએ છીએ, પણ એ આપણી આવતીકાલની કોઈ મોટી આફતથી બચાવતો કુદરતનો યુ-ટર્ન હોઈ શકે છે. સોશિયલ મીડિયાના નકલી ચળકાટ અને દેખાડાની દુનિયા પાછળ દોડવાને બદલે, આપણી સાહજિકતા અને ઈમાનદારીને પકડી રાખવાની જરૂર છે. જો કોઈ એક દરવાજો બંધ થાય, તો સમજવું કે કુદરત આપણા માટે કોઈ વધુ સુરક્ષિત દરવાજો ખોલવાની તૈયારી કરી રહી છે.

જયારે તમે બીજા સાથે પોતાની સરખામણી કરવાનું સાવ બંધ કરીને કુદરતના આ ખેલ પર ભરોસો રાખતા શીખી જાઓ છો, ત્યારે જ તમે તમારા જીવનના સાચા સિકંદર બનો છો.

**કુદરતના વળાંકોને સમજીને શાંતિથી જીવવાના ૪ સરળ રસ્તા :**

**૧. Detour પર ભરોસો રાખો :** જિંદગીમાં જયારે ધારેલું ન થાય ત્યારે અકળાવાને બદલે બે ઘડી શાંતિથી બેસો. ભવિષ્યની ખોટી ચિંતાઓમાં આજની સુંદર સાંજને અને પરિવાર સાથેના સાહજિક આનંદને માણવાનું ન ચૂકો.

**૨. નૈતિકતા એ જ સાચું કવચ :** જયારે તમે કોઈ પણ સ્વાર્થ વગર, સાચા અને ઈમાનદારીના રસ્તે જીવો છો, ત્યારે મન સાવ હળવું ફૂલ રહે છે. ચોખ્ખું અંતઃકરણ એ જ ઉપરવાળાની સૌથી મોટી કૃપા છે.

**૩. ગણતરીબાજ સંબંધોથી મુકિત :** સોશિયલ મીડિયાના ખોટા ભપકા અને સ્વાર્થી સંબંધો પાછળ દોડવાનું બંધ કરો. જે સંબંધોમાં નફા-નુકસાનની કોઈ ગણતરી નથી, બસ સાચો પ્રેમ છે એ જ આપણી સાચી આંતરિક મૂડી છે.

**૪. કૃતજ્ઞતાનો પરમ સ્વીકાર :** રોજ સવારે ઊઠીને ઉપરવાળાનો દિલથી આભાર માનો. જે નથી મળ્યું એનો અફસોસ કરવા કરતાં જે અત્યારે આપણી પાસે સલામત છે એના માટે કૃતજ્ઞ (Gratitude) રહેવાથી જીવન જીવવાનો સ્વાદ બદલાઈ જાય છે.

જિંદગી બહુ ટૂંકી છે, એમાં રૂપિયાની આ ભાગદોડ અને ઓફિસના ડેડલાઈન્સ તો છેલ્લે સુધી ચાલવાના જ છે. પણ ખરી જીત એ જ ગણાશે કે ગમે તેવા તોફાનો વચ્ચે પણ આપણું મન કમજોર ન પડે, આપણું મન શાંત હોય, અને ચહેરા પર એક સાહજિક સ્મિત અકબંધ હોય.


છેલ્લે, આ પ્રખર આત્મચિંતન પર આટલું જ :

**''પરિસ્થિતિ ગમે તેટલી આકરી હોય , જે કુદરતના ન્યાય પર ભરોસો રાખો''**

### ૨૧ ઓગસ્ટ સુધી આકાશમાં જમાવટ

# દુનિયાભરમાં ૩૦ દિવસ સુધી અવકાશમાં ઉલ્કા વર્ષાનો અદ્‌ભુત નજારો શરૂ થયો

## ૨૯, ૩૦, ૩૧ જુલાઈએ મહત્તમ ઉલ્કાવર્ષા



અમરેલી, તા. ૧૮

અમદાવાદ : દુનિયાભરમાં લોકોએ મે માસમાં ઈટા–એકવેરીડ્સ ઉલ્કા વર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૬૦ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કા વર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં આજથી ૧૮ મી જુલાઈ થી ૨૧મી ઓગસ્ટ સુધી ડેલ્ટા–એકવેરીડસ ઉલ્કા વર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી પૂર્ણ કરી દીધી છે. ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કા વર્ષાનો અદ્ભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. વરસાદી વાદળા હશે ત્યાં જોવા મળશે નહિ, સ્વચ્છ આકાશમાં જોવા મળશે.

જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે મધ્યરાત્રિ બાદ ડેલ્ટા–એકવેરીડસ ઉલ્કા વર્ષા પડતી જોવા મળશે. જુલાઈ તા. ૨૯, ૩૦ અને તા. ૩૧ના રોજ તથા ઓગસ્ટના અમુક દિવસોમાં આકાશમાં ઉલ્કા વર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫ થી ૨૦ અને વધુમાં વધુ વિદેશમાં ૫૦ ઉલ્કા વર્ષા જોવા મળશે. આકાશમાં ઉલ્કા જોવા મળશે. ઉલ્કા આકાશમાં જ એક–બે સેકન્ડમાં બળીને રાખ થઈ જાય છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે ડેલ્ટા–એકવેરીડસ ઉલ્કા વર્ષાની મહત્તમ દિવસ ચારથી પાંચ હોય છે. મોડી રાતથી પરોઢ સુધી સ્વચ્છ આકાશમાં ઉલ્કા વર્ષા જોઈ શકાય છે. જુલાઈના અંતથી ઓગસ્ટના અમુક દિવસો સુધી ક્રમશઃ ઉલ્કા જોઈ શકાશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કા વર્ષા વર્ષ દરમ્યાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કા વર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરભંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમ્યાન પૃથ્વીની ભ્રમણકક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તે જ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. તેને પ્રકારમાં ફાયરબોલ – અગનગોળા કે ઉલ્કા વર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

વિશેષમાં એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટેભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય–ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર–પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશમાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દ્રશ્યો અવકાશમાં જોવા મળે છે. ઘણા લોકો ગુણવત્તાના દુરબીનની વ્યવસ્થા કરી નજારો જોવે છે. ઉલ્કા વરસાદને નજરકેદ કરવા ૧૦×૫૦નું મેગ્નીફીકેશન ધરાવતું દૂરબીન ગોઠવી શકાય છે. જાથાએ ફાયરબોલ ફોટોગ્રાફી, ઈન્ટરનેટ મિત્રોના સહયોગ મેળવી ડિઝીટલ વિડીયોગ્રાફી કેમેરામાં કેદ કરવા આયોજન ગોઠવ્યું છે. ઉલ્કાનો નજારો જોવામાં ઘણીવાર નિરાશા સાપડે છે. સૂર્યપ્રકાશમાં પડે તે જોઈ શકાતી નથી. રાત્રીના નરી આંખે જોઈ શકાય છે.

વધુમાં પંડયાએ જણાવ્યું કે ઉલ્કા જયારે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે ત્યારે તેને મેટીયોર ઉલ્કા તરીકે ઓળખવામાં આવે છે. પૃથ્વી ઉપર રોજની લગભગ ૪૦ ટન જેટલી ઉલ્કાઓ પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. પૃથ્વી ઉપર દિવસે સૂર્યપ્રકાશના કારણે પડતી ઉલ્કાઓ જોઈ શકાતી નથી. અત્યાર સુધીમાં પૃથ્વી ઉપર ઉલ્કાની રાખનો થર એક ઈંચથી વધુનો અંદાજ છે. ઉલ્કામાં લોખંડ અને નિકલ હોય છે. તેની રજને, ધૂળને ઓળખવા માટે લોહચુંબકનું પરિક્ષણ જરૂરી છે. ડેલ્ટા–એકવેરીડસ ઉલ્કા વર્ષા દુનિયાના અમુક ભાગોમાં રીતસરનો વરસાદ પડશે. જાથા ઉલ્કા વર્ષાની ફોટોગ્રાફી લોકો સમક્ષ મુકશે.

જાથાનો પ્રયાસ લોકોને આકાશ તરફ નજર કરતા થાય. ખગોળીય ઘટનાનો અહેસાસ કરવા માનસમાં વાત મુકવી જેથી અવકાશી ઘટના તરફ લાવવા માટે રાજયભરમાં આયોજન જિલ્લા મથકોમાં અમદાવાદ, રાજકોટ, સુરેન્દ્રનગર, મોરબી, અમરેલી, બોટાદ, ભાવનગર, ગિર સોમનાથ, જુનાગઢ, પોરબંદર, દેવીભૂમિ દ્વારકા, જામનગર, કચ્છ–ભુજ, ગાંધીનગર, મહેસાણા, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, વાપી, વલસાડ, નવસારી, સુરત, ભરૂચ, અંકલેશ્વર, વડોદરા, નડીયાદ, આણંદ, ખેડા, તાપી, વ્યારા, ડાંગ–આહવા, દાહોદ, મહીસાગર, ગોધરા, નર્મદા, છોટા ઉદયપુર, અરવલ્લી સહિત નજારો જોવા સંબંધી અભિયાન ચાલી રહ્યું છે.

ઉલ્કા વર્ષા નજારા માટે વ્યવસ્થામાં અંકલેશ ગોહિલ, દિનેશ હુંબલ, નિર્મળ મેત્રા, નિર્ભય જોશી, રાજુ યાદવ, અમિત ડાભી, હર્ષાબેન પંડયા એડવોકેટ, ભાનુબેન શેઠીયા, ભક્તિબેન રાજગોર, એડવોકેટ ભાવનાબેન વાઘેલા સહિત કાર્યકરો કરી રહ્યા છે.

વિશેષ માહિતી માટે મો. ૯૮૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક સાધવા યાદીમાં જણાવાયું છે.

## અમરેલી જિલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે એડવોકેટ કમલેશ સોલંકીની નિમણુંક



અમરેલી, તા. ૧૮

ભારતીય જનતા પાર્ટીના સંગઠનને વધુ મજબૂત અને વેગવંતું બનાવવાના ભાગરૂપે અમરેલી જિલ્લા ભાજપ બક્ષીપંચ મોરચાના સંગઠનમાં મહત્વના હોદ્દેદારોની જાહેરાત કરવામાં આવી છે, જેમાં અમરેલી શહેરના જાણીતા અને ઉત્સાહી યુવાન એડવોકેટ કમલેશભાઈ સોલંકીની જિલ્લા બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. પક્ષ દ્વારા એક સંનિષ્ઠ અને સક્રિય કાર્યકર્તાને જિલ્લા સંગઠનમાં મહત્વની જવાબદારી સોંપાતા સર્વત્ર આવકાર મળી રહ્યો છે. પાયાના સંગઠનોથી લઈને જિલ્લા સંગઠન સુધીની સફરઃ નવયુક્ત ઉપપ્રમુખ કમલેશભાઈ સોલંકી પ્રારંભથી જ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) અને અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)ના સંસ્કારો સાથે જોડાયેલા છે. તેઓ અગાઉ સંગઠનમાં બગસરા શહેર યુવા ભાજપના મહામંત્રી, અમરેલી શહેર બક્ષીપંચ મોરચાના મહામંત્રી તેમજ જિલ્લા બક્ષીપંચ મોરચાના કોષાધ્યક્ષ જેવી મહત્વની જવાબદારીઓ ખૂબ જ નિષ્ઠાપૂર્વક નિભાવી ચૂકયા છે. આ ઉપરાંત, વ્યવસાયિક ક્ષેત્રે પણ તેઓ અમરેલી જિલ્લા વકીલ મંડળમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે સફળ સેવાઓ આપી ચૂકયા છે. લાંબા સમયથી સામાજિક અને રાજકીય ક્ષેત્રે સક્રિય રહીને લોકોની વચ્ચે સેવાકીય કાર્યો કરતા કમલેશભાઈ સોલંકીની જિલ્લા ઉપપ્રમુખ તરીકે જાહેરાત થતાં જ તેમના મિત્રવર્તુળ, શુભેચ્છકો અને સમાજના અગ્રણીઓમાં ભારે આનંદની લાગણી વ્યાપી ગઈ છે. તેમની આ નિમણૂંક બદલ અમરેલી શહેર ભાજપના હોદ્દેદારો, નગરપાલિકાના પ્રમુખ – સભ્યો, વિવિધ મોરચાના પદાધિકારીઓ તેમજ વિશાળ સંખ્યામાં કાર્યકર્તાઓએ રૂબરૂ તથા સોશિયલ મીડિયાના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી છે અને તેમના આગામી ઉજ્જવળ કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરી છે.

## પેથાણી અને કથીરિયા પરિવાર દ્વારા

# વાંકિયા ગામમાં અષાઢી બીજ નિમિત્તે ભવ્ય ઉજવણી

## ૧૦૦ વર્ષથી વધુ સમયથી અવિરત પરંપરાનું જતન



અમરેલી, તા. ૧૮

અમરેલીના વાંકિયા ગામ ખાતે આવેલા રામદેવજી મહારાજના પવિત્ર મંદિરે અષાઢી બીજના પાવન અવસરે દર વર્ષની જેમ આ વર્ષે પણ ભવ્ય અને ભકિતમય ઉજવણી કરવામાં આવી હતી. પેથાણી અને કથીરિયા પરિવાર દ્વારા છેલ્લા ૧૦૦ વર્ષથી વધુ સમયથી આ ધાર્મિક પરંપરાનું નિષ્ઠાપૂર્વક પાલન કરવામાં આવી રહ્યું છે, જે આજે પણ ગામની આસ્થા, એકતા અને સાંસ્કૃતિક વારસાનું જીવંત પ્રતીક બની રહી છે.

અષાઢી બીજના દિવસે વહેલી સવારથી જ ભકતો અને આમંત્રિત મહેમાનો મંદિરે ઉમટી પડયા હતા. દિવસભર ભકિતમય વાતાવરણ વચ્ચે રામદેવજી મહારાજના દર્શન, પૂજન–અર્ચન અને ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. બપોરે અષાઢી બીજ નિમિત્તે ફરાળ પ્રસાદ અને સાંજે મહાપ્રસાદ (ભોજન)ની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી, જેમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ લાભ લીધો હતો.

રાત્રિના સમયે રામમંડળ દ્વારા રામદેવજી મહારાજના જીવનચરિત્ર અને ઉપદેશોને ઉજાગર કરતો ધાર્મિક કાર્યક્રમ યોજાયો હતો, જેને ભકતોએ ભાવપૂર્વક નિહાળ્યો હતો.

આ અવસરે હજારો શ્રદ્ધાળુઓએ રામદેવપીરના દર્શન કરીને તેમજ અષાઢી બીજના શુભ દર્શનનો લાભ મેળવી ધન્યતા અનુભવી હતી. સમગ્ર ગામમાં ભકિત, શ્રધ્ધા અને ઉત્સાહનું અનોખું વાતાવરણ જોવા મળ્યું હતું. ગામના યુવાનો, વડીલો, મહિલાઓ અને બાળકોએ પણ ઉત્સાહપૂર્વક ઉજવણીમાં ભાગ લીધો હતો.

આવા ધાર્મિક અને સાંસ્કૃતિક ઉત્સવો આપણી સમૃદ્ધ પરંપરા, સંસ્કૃતિ અને ધરોહરને જાળવી રાખવાની સાથે સમાજમાં એકતા, સેવાભાવ અને આપ્રયાત્મિક મૂલ્યોને વધુ મજબૂત બનાવે છે. પેથાણી અને કથીરિયા પરિવાર દ્વારા સદીથી પણ વધુ સમયથી જળવાયેલી આ પરંપરા સમાજ માટે પ્રેરણારૂપ બની રહી છે.

## ગાવડકા પ્રાથમિક શાળામાં બાળસંસદની ચૂંટણી યોજાઈ



અમરેલી, તા. ૧૮

અમરેલી તાલુકાની ગાવડકા પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓમાં લોકશાહીના ગુણ વિશ્વે તથા ઉતમ નાગરિકોનું ઘડતર થાય તેવા ઉમદા હેતુસર ગાવડકા બાળસંસદ ૨૦૨૬ની ચુંટણી યોજાઈ હતી.

શાળામાં ઈનોવેટીવ આચાર્ય પિયુષભાઈ જોટાણિયાની પ્રેરણાથી બાળસંસદથીની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં સામાજિક વિજ્ઞાન શિક્ષક કોકિલાબેન કાનપરિયાના આયોજન અને માર્ગદર્શન મુજબ ધો. ૫ થી ૮ના વિદ્યાર્થીઓએ ચુંટણી ચિહન સાથે ઉમેદવારી નોંધાવી હતી. ત્યારબાદ તા. ૧૫/૭/૨૬ના રોજ ચુંટણી યોજાઈ હતી જેમાં ૯૭ ટકા મતદાન થયુ હતું. જેમાં પ્રિસાઈડીંગ ઓફિસર તરીકે અનીતા મકવાણા તથા ઝોનલ તરીકે કેવલ છંબોયા અને યુવરાજ ગોસ્વામી મયંકગીરી મેવાડાએ ફરજ બજાવી હતી.

મતગણતરીના અંતે ચાવડીયા ધારા અને ચાવડા અમૂલ મહામંત્રી તરીકે વિજેત થયા હતા. જયારે સભ્ય તરીકે કિશન કણસાગરાની, મીત આજરા અને પૂર્વા ગોસ્વામી વિજેતા થયા હતા.

ચુંટણી પ્રક્રિયાના અધ્યક્ષ મનુભાઈ વાળા, સરપંચ બાલુભાઈ ટાંક તથા ગ્રામજનો દ્વારા બાળસંસદના ઝીણવટભર્યા આયોજન માટે અભિનંદન પાઠવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## ૧.૨૪ લાખની મત્તાની ચોરી

તા. ૧૫ ના સાંજે ૪થી તા. ૧૭ના ૨ વાગ્યાના સમય દરમિયાન કોઈ અજાણ્યા ચોર ઈસમે ગેરકાયદેસર મકાનમાં પ્રવેશ કરી મકાનનો નકુચો તોડી રૂમમાંથી સોનાનો દોરો જેનુ વજન આશરે ૨૪ ગ્રામનો આશરે કિંમત રૂપિયા ૬૬,૯૧૦ તથા સોનાની બુટીની જોડી ૧ જેનુ વજન આશરે ૭ ગ્રામ જેની કિંમત રૂપિયા ૭૦૦૦ તથા સોનાની વિંટીઓ ૩ જેમા એક સોનાની વીંટી જેનું વજન આશરે ૧.૫ ગ્રામ જેની કિંમત રૂપિયા ૯૧૬૬ તથા બીજી જુની સોનાની વીંટી જેનુ વજન આશરે ૨.૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૨૦૦૦ તથા ત્રીજી સોનાની વીંટી જેનું વજન આશરે ૩.૦૦ ગ્રામ જેની કિંમત રૂપિયા ૧૮,૦૦૦ તથા આશરે રોકડા રૂપિયા ૨૧,૦૦૦ મળી કુલ રૂપિયા ૧,૨૪,૦૭૬ની મત્તાની ચોરી કરી લઈ ગયાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલામાં મુસાફર ભરેલ કેરી વાન

બનાવની જાણ થતા જ સ્થાનિક સેવાભાવી યુવકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને પોતાના ખાનગી વાહનો મારફતે ઈજાગ્રસ્તોને સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા.

આ બનાવમાં માહિતી મુજબ સાવરકુંડલા ગામે રહેતા માલધારી પરિવાર મહુવા તાલુકાના ગોરસ ખુંટવડા દર્શન કરવા માટે ગયા હતા અને ત્યાંથી દર્શન કરી આજે વ્હેલી સવારે પરત સાવરકુંડલા ગામે આવી રહ્યા હતા ત્યારે આ માલધારી પરિવાર જે વાહનમાં બેસેલ હતા તેનું કેરી વાહન અકસ્માતગ્રસ્ત બન્યું હતું.

અકસ્માતમાં આશરે ૧૪ જેટલા મુસાફરોને નાની–મોટી ઈજાઓ પહોંચી હતી. ઘટનાની જાણ થતાં સ્થાનિક સેવાભાવી યુવકો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા અને પોતાના ખાનગી વાહનો મારફતે ઈજાગ્રસ્તોને સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડયા હતા.

આ અકસ્માતના ઈજાગ્રસ્તોમાંથી ૫ જેટલા મુસાફરોની હાલત ગંભીર જણાતા તેમને વધુ સારવાર માટે અમરેલી રિફર કરવામાં આવ્યા હોવાનું પણ જાણવા મળ્યું છે. પોલીસ દ્વારા ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## નાસતા–ફરતા આરોપીને ઝડપી લીધો

હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે રાજકોટ જિલ્લાના કોઠારીયા સોલવંટથી પકડી પાડી ધારી કોર્ટ હવાલે કરવા તથા આગળની કાર્યવાહી થવા ધારી પોલીસ સ્ટેશનમાં સોંપી આપવામાં આવેલ છે.

આ કામગીરી અમરેલી એલસીબી પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલા તથા પોલિસ સબ ઈન્સ એમ.ડી. ગોહિલ તથા જે.ડી. વાઘેલા તથા એ.એસ.આઈ. હરેશસિંહ પરમાર તથા હેડ કોન્સ. આદિત્યભાઈ બાબરીયા, તુષારભાઈ પાંચાણી દ્વારા કરવામાં આવેલ હતી.

પાના ૧ ઉપરનું ચાલું
## લાઠીનાં જરખીયા ગામે પિયર ધરાવતી

જરખીયા) નાં લગ્ન મહુવા તાલુકાના ખડસલીયા ગામે રહેતા રાજુભાઈ રાણાભાઈ ભમ્મર સાથે પંદર વર્ષ પહેલા થયેલ હતા અને લગ્નજીવન દરમિયાનસાસરીમાંઆરોપીરાજુભાઈ રાણાભાઈ ભમ્મર, દેવુબેન રાણાભાઈ ભમ્મર, પુનમબેન રાણાભાઈ ભમ્મર તથા ઈશાબેન રાણાભાઈ ભમ્મરે શારીરિક અને માનસિક ત્રાસ આપેલ હોય. જે ત્રાસના લીધે છેલ્લા છએક વર્ષથી મરણ જનાર સેજલબેન તેમના ભાઈના ઘરે રીસામણે રહેતા હતા અને તેણીના પતિએ છેલ્લા બે વર્ષથી ભરણપોષણ આપેલ ન હોય તથા તેણીની દીકરી લઈ જવાનું કહેતો હોય તેમ મૈત્રી કરાર કરેલ હોય. જેથી મરણ જનારને તમામ આરોપીએ અગાઉ આપેલ શારીરિક અને માનસિક દુઃખ ત્રાસનાં વિચારો આવતા હોય તેમજ તમામ આરોપી ધ્વારા હાલ પણ માનસિક દુઃખ ત્રાસ આપી મરણ જનારને મરવા મજબુર કરી મરણ જનારે તમામ આરોપીઓનાં માનસિક ત્રાસથી કંટાળી જઈ ગત તા. ૧૬નાં રોજ ૫:૪૫ વાગ્યે જરખીયા ગામે ઝેરી દવાનો પાઉડર પી જઈ તેણીનું સારવાર દરમિયાન મોત નિપજતા આ ચારેય આરોપીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **(૧) વિજયભાઈ દિલુભાઈ બસીયા** રહે. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા સ્વામીનારાયણનગર
રે. સર્વે.નં. ૭૦૦/૧ પૈકી ૧ — સીટી સર્વે નં. એન.એ. ૭૦૦/૧ પૈકી ૧/૨૫
બીનખેતી પ્લોટ નં. ૨૫ — જેના ચો.મી. ૫૬–૧૩
રજી. બાનાખત નં. ૧૧૧૬ — તારીખ : ૧૪/૦૭/૨૦૨૬

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ (૧) મીનાબેન વજેસિંહ ચૌહાણ પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. મીનાબેન વજેસિંહ ચૌહાણે ઉપરોકત મિલ્કત (૧) ઈલીયાસભાઈ અકબરભાઈ ગાંગાણી (૨) કુલસુમબેન અકબરભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે સલીમભાઈ અકબરભાઈ ગાંગાણી તેમજ (૪) નસીમબેન રમજાનભાઈ ગાંગાણી (૫) શાયરાબેન રમજાનભાઈ ગાંગાણી (૬) સુરૈયાબેન રમજાનભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે (૭) આદીલભાઈ રમજાનભાઈ ગાંગાણી પાસેથી રજી. દસ્તાવેજ નં. ૩૭૩ તા. ૧૯/૦૩/૨૦૨૧નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેના કુલમુખત્યારનામા તા. ૨૨/૦૫/૨૦૨૦ તથા તા. ૨૬/૦૫/૨૦૨૦નાં રોજ આપવામાં આવેલ હતા. જે કુલમુખત્યારનામા સદરહુ રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વતમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૮/૭/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ



## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **એડવોકેટ કે.વી. કેશરીયા**એ લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જાણ/તાકીદ કરૂ છું કે :

અમારી પાસેથી અમારા અસીલ **રાજેશભાઈ પીઠાભાઈ ડેર** રહે. બાબરાવાળાની મિલ્કત કે જેનું વર્ણન નીચે પ્રમાણે છે.

બાબરા સ્વામીનારાયણનગર
રે. સર્વે.નં. ૭૦૦/૧ પૈકી ૧ — સીટી સર્વે નં. એન.એ. ૭૦૦/૧ પૈકી ૧/૭૭
બીનખેતી પ્લોટ નં. ૭૪ — જેના ચો.મી. ૭૪–૧૧
રજી. બાનાખત નં. ૯૯૬ — તારીખ : ૨૩/૦૬/૨૦૨૬

ઉપરોકત મિલ્કત અમારા અસીલશ્રીએ ક્રિષ્નાબેન ગાંડાલાલ ચૌધરી પાસેથી ખરીદ કરવા ઉપરોકત રજી. બાનાખત કરાવેલ છે. ક્રિષ્નાબેન ગાંડાલાલ ચૌધરીએ ઉપરોકત મિલ્કત (૧) ઈલીયાસભાઈ અકબરભાઈ ગાંગાણી (૨) કુલસુમબેન અકબરભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે સલીમભાઈ અકબરભાઈ ગાંગાણી તેમજ (૪) નસીમબેન રમજાનભાઈ ગાંગાણી (૫) શાયરાબેન રમજાનભાઈ ગાંગાણી (૬) સુરૈયાબેન રમજાનભાઈ ગાંગાણીનાં કુલમુખત્યાર તથા જાતે (૭) આદીલભાઈ રમજાનભાઈ ગાંગાણી પાસેથી ઉપરોકત રજી. વેચાણ દસ્તાવેજ નં. ૬૮૩ તા. ૧૭/૦૮/૨૦૨૦નાં રોજ ખરીદ કરેલ છે. જે વેચાણ દસ્તાવેજ અંગેના કુલમુખત્યારનામા તા. ૨૨/૦૫/૨૦૨૦ તથા તા. ૨૬/૦૫/૨૦૨૦નાં રોજ આપવામાં આવેલ હતા. જે કુલમુખત્યારનામા સદરહુ રજી. વેચાણ દસ્તાવેજ સમયે અસ્તિત્વતમાં હતા.

તેઓએ આ મિલ્કત સંદર્ભે અમારી પાસેથી ટાઈટલ કલીયર રીપોર્ટ માંગેલ છે.

તો ઉપરોકત મિલ્કતમાં અન્ય કોઈ ઈસમ/વ્યકિતનું કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી કે અર્ધ સરકારી–અર્ધ સહકારી સંસ્થાનું હિત સમાયેલ હોય, કે ઉપરોકત મિલ્કત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવેલ હોય તો, અથવા કોઈ ઈસમ/વ્યકિતનો લાગ ભાગ, હકક–હિસ્સો હોય અથવા તો ઉપરોકત દસ્તાવેજ રજી. થયા પહેલા આ કુલમુખત્યારનામું આપનાર ધ્વારા રદ કરવામાં આવેલ હોય, તો નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ ત્રણમાં લેખીતમાં આધાર પુરાવા સાથે નીચે જણાવેલ સરનામે રજી. પોસ્ટ એ.ડી.થી જણાવવું, અન્યતા તે અંગે કોઈને હરકત, વાંધા, તકરાર, સરખુ નથી અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે તેમ માની અને તેઓને અમારા તરફથી ટાઈટલ કલીયર રીપોર્ટ/એન.ઓ.સી. ઈસ્યુ કરવામાં આવશે. ઉપરોકત સમય વિત્યા બાદ તે અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૧૮/૭/૨૦૨૬
પહેલો માળ, ટ્રેડ સેન્ટર
કલેકટર ઓફિસ પાછળ, અમરેલી.

કે.વી. કેશરીયા
એડવોકેટ


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૭૦૦ | ૧૪૪૦ |
| ૨ | શિંગદાણા | ૧૩૦૦ | ૨૦૬૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૭૦ | ૧૯૦૫ |
| ૪ | તલ સફેદ | ૧૪૧૫ | ૨૬૫૦ |
| ૫ | તલ કાળા | ૨૩૧૦ | ૩૭૮૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૪૩૦ | ૨૪૪૫ |
| ૭ | બાજરો | ૩૯૫ | ૬૦૦ |
| ૮ | જુવાર | ૫૪૦ | ૧૨૩૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૭૦ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૨૫ |
| ૧૧ | મકાઈ | ૫૨૦ | ૫૩૦ |
| ૧૨ | મગ | ૧૧૯૫ | ૧૩૯૫ |
| ૧૩ | ચણા | ૯૫૦ | ૧૨૦૦ |
| ૧૪ | સફેદ ચણા | ૮૬૦ | ૧૧૩૫ |
| ૧૫ | તુવેર | ૧૦૫૦ | ૧૪૬૦ |
| ૧૬ | કપાસ | ૧૦૨૫ | ૧૮૯૫ |
| ૧૭ | નવો કપાસ | ૨૧૫૧ | ૨૧૫૧ |
| ૧૮ | એરંડા | ૧૦૨૫ | ૧૩૫૦ |
| ૧૯ | જીરૂ | ૨૫૦૦ | ૩૬૦૫ |
| ૨૦ | રાયડો | ૧૩૬૫ | ૧૩૬૫ |
| ૨૧ | રાય | ૧૬૩૫ | ૧૬૩૫ |
| ૨૨ | ધાણી | ૨૫૦૦ | ૩૧૦૦ |
| ૨૩ | અજમા | ૨૧૭૦ | ૨૬૪૦ |
| ૨૪ | મેથી | ૧૧૦૦ | ૧૨૭૫ |
| ૨૫ | સોયાબીન | ૧૦૫૦ | ૧૮૨૫ |
| ૨૬ | કાંગ | ૪૫૦ | ૪૫૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૩૫૦ |
| ૨ | શીંગ દાણા | ૧૯૦૦ | ૨૪૩૦ |
| ૩ | તલ સફેદ | ૨૧૫૦ | ૨૬૨૬ |
| ૪ | તલ કાળા | ૩૨૦૦ | ૩૭૦૦ |
| ૫ | જીરૂ | ૩૧૦૦ | ૩૮૬૦ |
| ૬ | કપાસ | ૧૫૦૦ | ૧૮૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૦૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૨૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૦૦ |
| ૧૦ | સફેદ જુવાર | ૫૦૦ | ૧૨૦૦ |
| ૧૧ | મગ | ૧૪૦૦ | ૧૫૩૦ |
| ૧૨ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૦ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૪૬૦ |
| ૧૪ | ધાણા | ૨૫૦૦ | ૩૦૫૦ |
| ૧૫ | સોયાબીન | ૧૩૦૦ | ૧૪૪૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ સફેદ | ૨૨૪૧ | ૨૭૦૦ |
| ૨ | તલ કાળા | ૩૧૦૦ | ૩૬૨૬ |
| ૩ | કપાસ | ૧૫૦૨ | ૧૫૭૧ |
| ૪ | બાજરો | ૪૧૭ | ૫૭૬ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૩૦ |
| ૬ | જુવાર | ૯૦૦ | ૧૨૭૦ |
| ૭ | મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૮ | અડદ | ૨૦૫૦ | ૨૦૫૦ |
| ૯ | ચણા | ૧૦૫૨ | ૧૧૭૪ |
| ૧૦ | રાય | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૧૧ | શીંગદાણા | ૧૯૦૦ | ૧૯૦૦ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | તલ કાળા | ૨૭૮૦ | ૩૧૦૦ |
| ૨ | જીરૂ | ૩૬૪૦ | ૩૮૦૦ |
| ૩ | ચણા | ૧૧૪૦ | ૧૧૭૦ |
| ૪ | ઘઉં | ૫૦૫ | ૫૧૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૫૦ | ૧૫૯૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૯૧ | ૫૦૫ |
| ૩ | ચણા | ૧૧૩૦ | ૧૧૩૦ |
| ૪ | તુવેર | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૫ | ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| ૬ | શીંગ દાણા | ૧૭૯૦ | ૧૯૪૫ |
| ૭ | તલ કાળા | ૨૬૦૦ | ૨૬૦૦ |
| ૮ | સોયાબીન | ૧૩૫૫ | ૧૩૫૫ |

### આમ આદમી પાર્ટીએ નારાજગી વ્યક્ત કરી

# બાબરાની એસબીઆઈમાં 30 હજાર સુધીની રોકડ જમાનુ કાઉન્ટર બંધ

### ખાતાધારકોને બેન્ક મિત્ર પાસે મોકલવાની વ્યવસ્થા સામે રોષ

બાબરા, તા. ૧૮

બાબરા શહેરના મધ્યસ્થ વિસ્તારમાં આવેલી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) શાખામાં ૩૦ હજાર સુધીની રોકડ રકમ સીધી બેંકના કેશ કાઉન્ટર પર સ્વીકારવાને બદલે ગ્રાહકોને બહાર આવેલી બેંક મિત્ર (BC) ઓફિસે મોકલવાની વ્યવસ્થા સામે શહેરમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. આ મુદ્દે બાબરા શહેર આમ આદમી પાર્ટીના અગ્રણી તેમજ જાણીતા એડવોકેટ કૌશિક ભરાડે બેંકની કામગીરી સામે સવાલો ઉઠાવી ગ્રાહકોના હિતમાં યોગ્ય નિર્ણય લેવાની માંગ કરી છે.



એડવોકેટ કૌશિક ભરાડે જણાવ્યું હતું કે બાબરા શહેરમાં આવેલી એકમાત્ર એસબીઆઈ શાખામાં ૩૦ હજાર સુધીની રોકડ જમા કરવા માટે બેંકની કેશ બારી બંધ રાખવામાં આવતા સામાન્ય ખાતાધારકો, નાના વેપારીઓ, કર્મચારીઓ તેમજ વરિષ્ઠ નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. બેંકમાં આવતા ગ્રાહકોને કેશ કાઉન્ટર પરથી સીધી સેવા મળવાને બદલે બહાર આવેલી બેંક મિત્ર ઓફિસમાં મોકલવામાં આવે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બેંક મિત્ર કાર્યાલયમાં પણ વિવિધ પ્રકારના બેંકિંગ કામ માટે મોટી સંખ્યામાં ગ્રાહકો આવતા હોવાથી લાંબી કતારો સર્જાય છે, જેના કારણે સમયનો બગાડ થવા ઉપરાંત લોકોને અનાવશ્યક મુશ્કેલી સહન કરવી પડે છે. તેમણે સવાલ ઉઠાવ્યો હતો કે શું બેંકમાં માત્ર કરંટ ખાતાધારકો અને મોટા ગ્રાહકોના હિતનું જ ધ્યાન રાખવામાં આવે છે, જયારે સામાન્ય ગ્રાહકોને પૂરતી સુવિધાથી વંચિત રાખવામાં આવે છે?

આમ આદમી પાર્ટીના અગ્રણી કૌશિક ભરાડે એસબીઆઈ શાખા મેનેજરને અપીલ કરી છે કે બેંકમાં તમામ પ્રકારના ગ્રાહકોને સમાન અને સરળ સેવા મળે તે માટે ૩૦ હજાર સુધીની રોકડ જમા અને ઉપાડ માટેનું કેશ કાઉન્ટર ફરી શરૂ કરવામાં આવે તેમજ નાના–મોટા તમામ ખાતાધારકો માટે એકસરખા નિયમો અમલમાં મૂકવામાં આવે, જેથી સામાન્ય જનતાને પડતી મુશ્કેલીઓનો અંત આવે.

### વૃધ્ધ પેન્શન યોજનામાં સુધારાની માંગ સાથે મુખ્યમંત્રીને રજૂઆત

# વડિયા : APL-BPLના બદલે વાસ્તવિક આર્થિક સ્થિતિના આધારે લાભ આપવા અપીલ

### અનેક વૃધ્ધો આજે આર્થિક નબળી સ્થિતિમાં જીવી રહ્યા છે

વડીયા, તા. ૧૮

વડીયા : રાજયના હજારો જરૂરિયાતમંદ વૃદ્ધ નાગરિકો માત્ર અડક રેશન કાર્ડ અથવા વર્ષો જૂના ઈડક/અડક સ્કોરના કારણે વૃદ્ધ પેન્શન યોજનાના લાભથી વંચિત રહી રહ્યા હોવાનો મુદ્દો ઉઠાવી અમરેલી વિધાનસભા યુથ કોંગ્રેસના પ્રમુખ જુનૈદ ડી. ડોડિયાએ ગુજરાતના મુખ્યમંત્રીને વિગતવાર રજૂઆત કરી યોજનામાં તાત્કાલિક સુધારો કરવાની માંગ કરી છે.

રજૂઆતમાં જણાવાયું છે કે રાજયના અનેક વૃદ્ધો પાસે કોઈ નિયમિત આવક નથી, તેઓ આર્થિક રીતે નબળી સ્થિતિમાં જીવન જીવી રહ્યા છે અને ઘણા વૃદ્ધો સંતાનથી અલગ રહી દૈનિક ખર્ચ પણ મુશ્કેલીથી ચલાવી રહ્યા છે. તેમ છતાં માત્ર APL કાર્ડ અથવા જૂના સ્કોરના કારણે તેઓ સરકારી સહાયથી વંચિત રહે છે, જે ચિંતાજનક બાબત છે.

વધુમાં જણાવ્યું છે કે વૃધ્ધ પેન્શન યોજના માત્ર આર્થિક સહાય નહીં, પરંતુ વડીલો પ્રત્યે સરકારની સામાજિક જવાબદારી અને સંવેદનશીલતાનું પ્રતીક છે. તેથી બદલાતા સમય અને હાલની પસ્થિતિને ધ્યાનમાં રાખી યોજનાની પાત્રતા નકકી કરવાની પ્રક્રિયામાં સુધારો કરવો જરૂરી બન્યો છે.

### ધારાસભ્ય મહેશ કસવાલાનાં હસ્તે

# સાવરકુંડલા ખાતે ૭૦મી અખિલ ભારતીય શાળાકીય કબડ્ડી સ્પર્ધાનો પ્રારંભ

### ધારાસભ્ય અને અગ્રણીઓનું સન્માન કરાયુ

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાના આધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેકસ ખાતે આજરોજ ૭૦મી અખિલ ભારતીય શાળાકીય સ્પર્ધા અંતર્ગત અંડર–૧૪, અંડર–૧૭ અને અંડર–૧૯ ભાઈઓ–બહેનોની તાલુકા કક્ષાની કબડ્ડી સ્પર્ધાનો ભવ્ય પ્રારંભ થયો હતો. આ સ્પર્ધાનું ઉદ્‌ઘાટન સાવરકુંડલા–લીલીયા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે દીપ પ્રાગટય કરીને કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના પ્રારંભે ગાયત્રી મંત્રના જાપ બાદ સમગ્ર સ્પર્ધાના આયોજક અને કે.કે. હાઈસ્કૂલના પ્રિન્સિપાલ ચેતનકુમાર ગુજરીયાએ તમામ મહેમાનોનું શાબ્દિક સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા રમત–ગમત અધિકારી શ્રીમતી પૂનમબેન ફુમકીયા, શહેર ભાજપ પ્રમુખ અનિરુધ્ધસિંહ રાઠોડ, રાજુભાઈ નાગ્રેચા, શહેર ભાજપ મહામંત્રી મોહિતભાઈ સુદાણી તેમજ પૂર્વ નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

તાલુકા કક્ષાએ ભવ્ય સ્પોર્ટ્સ કોમ્પ્લેકસના નિર્માણમાં મહત્વનું યોગદાન આપવા બદલ વ્યાયામ શિક્ષક મંડળ દ્વારા ધારાસભ્ય મહેશભાઈ કસવાલાનું શાલ



ઓઢાડી અને પુષ્પગુચ્છ આપી વિશેષ સન્માન કરાયું હતું. આ સાથે જ અમરેલી જિલ્લા વ્યાયામ શિક્ષક સંઘના મહામંત્રી બીપીનભાઈ રાઠોડનું પણ શાલ ઓઢાડીને બહુમાન કરવામાં આવ્યું હતું.

''રમતગમત એ જીવનનો અભિન્ન ભાગ છે'' : મહેશભાઈ કસવાલા પોતાના પ્રેરણાદાયી ઉદ્‌બોધનમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, રમતગમતથી વ્યકિતનો સર્વાંગી વિકાસ થાય છે અને તેનાથી શારીરિક સ્ફૂર્તિ, માનસિક મજબૂતી તથા ટીમભાવના ખીલે છે. કબડ્ડી જેવી ભારતીય પરંપરાગત રમત આપણી સંસ્કૃતિની ઓળખ છે, જે ગ્રામ્ય સ્તરની પ્રતિભાઓને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ફલક સુધી પહોંચાડે છે. તેમણે તમામ ખેલાડીઓને ખેલદિલી પૂર્વક રમીને આગળ વધવા શુભેચ્છાઓ પાઠવી હતી.સમગ્ર કાર્યક્રમનું સુંદર અને અસરકારક સંચાલન સ્પર્ધાના કન્વીનર અને કે.કે. હાઈસ્કૂલના વ્યાયામ શિક્ષક વિપુલભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં તાલુકાની વિવિધ શાળાઓમાંથી મોટી સંખ્યામાં ખેલાડીઓ, વ્યાયામ શિક્ષકો અને રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા અને ભારે ઉત્સાહ વચ્ચે મેચોનો પ્રારંભ થયો હતો.

# વંડા : શ્રી પી.પી.એસ.હાઈસ્કૂલની અંડર–૧૭ વોલીબોલ ટીમ તાલુકા કક્ષાએ વિજેતા

વંડા, તા.૧૮

વંડા,સાવરકુંડલામાં તાજેતરમાં ગત તા.૧૬ જુલાઈના રોજ SGFI-70 અંતર્ગત સાવરકુંડલા તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પી.પી.એસ.હાઈસ્કૂલ, વંડાની અંડર–૧૭ (UNDER-17) ભાઈઓની ટીમે મેદાનમાં પોતાનું ઉત્કૃષ્ટ અને ખેલદિલી ભર્યુ પ્રદર્શન કરીને તાલુકા કક્ષાએ શાનદાર વિજય મેળવ્યો છે. આ જીત સાથે જ ટીમે શાળાનું તેમજ સમગ્ર વંડા ગામનું ગૌરવ વધાર્યુ છે.

આ ગૌરવશાળી સિદ્ધિ બદલ શાળાના આચાર્ય સંજયભાઈ ચૌહાણે



વિજેતા ટીમના તમામ ખેલાડી ભાઈઓને તેમજ તેમને સતત પ્રોત્સાહન પૂરૂં પાડનાર પી.ટી. શિક્ષક ડી.પી.ને વિશેષ અભિનંદન અને ધન્યવાદ પાઠવ્યા હતા.

આ ઉપરાંત,આચાર્યએ આ વિજેતા ટીમ આગામી સમયમાં યોજાનાર જિલ્લા કક્ષાની વોલીબોલ સ્પર્ધામાં પણ આવું જ ઉત્તમ અને ઝળહળતું પ્રદર્શન કરી શાળા અને તાલુકાનું નામ રોશન કરે તેવી ભાવભીની શુભકામનાઓ પાઠવી હતી. શાળા પરિવાર, વિદ્યાર્થીઓ અને ગ્રામજનોમાં આ વિજયને પગલે ભારે હર્ષ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

# મોટી કુંકાવાવમાં પેન્શનર્સની સાધારણ સભા યોજાઈ



મોટી કુંકાવાવ, તા.૧૮

મોટી કુંકાવાવથી ભુરખીયા હનુમાનજી મંદિર કુંકાવાવ ખાતે પેન્શનર્સ માટેની સાધારણ સભાનું સુંદર આયોજન કરવામાં આવેલ હતું. જેમાં વિવિધ ડીપોર્ટમેન્ટમાં ફરજ બજાવી ચુકેલા પેન્શનર્સો ઉપસ્થિત રહયા હતા.

આ પ્રસંગે સૌ પ્રથમ દિપ પ્રાગટય કુંકાવાવના જાણીતા શિક્ષણવિદ એવા જે.ડી.સાગલાણી, રાજુભાઈ મહેતા, રામજીભાઈ ખુંટ તેમજ પ્રકૃતિ પ્રેમી એવા અજીતસિંહ ગોહિલના વરદ હસ્તે કરવામાં આવેલ હતું. ત્યારબાદ આમંત્રિત મહેમાનોના સ્વાગત સાથે ફુલ હાર તેમજ શાલ ઓઢાડી સન્માનીત કરવામાં આવેલ હતા.પ્રાસંગિક ઉદબોધનમાં અમરેલી જિલ્લા પેન્શન મંડળના પ્રમુખ દ્વારા સરકાર દ્વારા પેન્શનર્સ તેમજ વર્તમાન સરકારી નોકરી કરતા કર્મચારીને આપવામાં આવતા લાભો તેમજ આરોગ્યલક્ષી આરોગ્ય કાર્ડ વિશે પણ માહિતી આપવામાં આવેલ હતી. જયારે એસબીઆઈ અધિકારી તરફથી પેન્શનર્સોને રોકાણ વિશે પણ માહિતીગાર કરવામાં આવેલ હતા. સાથે વન થર્ડ (ચાલીસ ટકા રૂપાંતર) વિશે પણ વિસ્તૃત માહિતી આપવામાં આવેલ આ પ્રસંગે કુંકાવાવ તાલુકા પેન્શનર્સ મંડળનાં મંત્રી એવા શંભુભાઈ ખુંટે સ્વૈચ્છીક રાજીનામું આપતાં મંત્રી પદ પર નવાં મંત્રી તરીકે કુરજીભાઈ માંડણકા તેમજ કારોબારી તરીકે સુરેશભાઈ નાકરાણીની વરણી કરવામાં આવેલ હતી.વિવિધ પ્રશ્નોના માર્ગદર્શન તેમજ નિરાકરણ સાથે ઉપસ્થિત ૧૩૦ પેન્શનર્સ નું આજની સભાનું સુંદર આભાર દર્શન ધીરૂભાઈ મુંજપરા દ્વારા કરવામાં આવેલ જયારે સમગ્ર કાર્યક્રમનું સ્ટેજ સંચાલન ઉદયભાઈ દેસાઈ દ્વારા કરવામાં આવેલ હતું.સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા રાજેશભાઈ ચાવડા, એમબી પટેલ તેમજ નાકરાણી દ્વારા જહેમત ઉઠાવેલ હતી.

# સા.કુંડલા કોલેજમાં પ્રવેશોત્સવ અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો



સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલાના શ્રી નૂતન કેળવણી મંડળ સંચાલિત,શ્રી વી.ડી.કાણકિયા આર્ટસ એન્ડ એમ.આર. સંઘવી કોમર્સ કોલેજ ખાતે પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે 'વેલકમ ડે' (પ્રવેશોત્સવ) ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી.

કોલેજના પ્રિન્સિપાલ ડો.એસ.સી.રવિયાએ વિદ્યાર્થીઓને શિસ્ત, કારકિર્દી અને રાષ્ટ્રવિકાસમાં યોગદાન આપી ઉત્તમ નાગરિક બનવાની પ્રેરણા આપી હતી.

કાર્યક્રમમાં હાજર અધ્યાપકોએ વિદ્યાર્થીઓને વિવિધ વિષયો અને કોલેજની વિકાસલક્ષી પ્રવૃત્તિઓથી માહિતગાર કર્યા હતા. અંતે ચોકલેટ આપી વિદ્યાર્થીઓનું સ્વાગત કરાયું હતું.

આ પ્રસંગે સાયકોલોજી વિષયના નવ નિયુક્ત પ્રો.પ્રાંજલ વ્યાસનું પુષ્પગુચ્છ આપી સન્માન કરાયું હતું.

**મહાનુભાવોની ઉપસ્થિતિ** : કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટીઓ વિનુભાઈ રાવળ, જાબીરભાઈ ચૌહાણ અને જાણીતા કેન્સર સર્જન ડો.દિપકભાઈ શેઠ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો.ડો.કલ્પેશ રાડિયાએ કર્યુ હતું.

# વીજપડી : મુસ્લિમ સમાજનાં પ્રમુખ દિલાવરભાઈ ચૌહાણનું નિધન થયું

વીજપડી, તા.૧૮

સાવરકુંડલા તાલુકાના વીજપડી ગામના પ્રતિષ્ઠિત નાગરિક તેમજ વીજપડી ઓલ મુસ્લિમ સમાજનાં પ્રમુખ દિલાવરભાઈ ચૌહાણનાં દુ:ખદ અવાસનના સમાચારથી સમગ્ર વીજપડી ગામમાં શોકની લાગણી પ્રસરી ગઈ છે. તેમના નિધનથી માત્ર મુસ્લિમ સમાજ જ નહી, પરંતુ ગામનાં તમામ સમાજોમાં પણ દુ:ખની લાગણી વ્યાપી ગઈ છે.

દિવાલરભાઈ ચૌહાણ વર્ષોથી સમાજસેવા, સામાજિક એકતા અને ભાઈચારાના મૂલ્યોને પ્રોત્સાહન આપતા આગેવાન તરીકે ઓળખાતા હતા. ગામમાં કોઈપણ સામાજિક પ્રસંગ હોય કે જરૂરિયાતમંદ લોકોની સેવા, તેઓ હંમેશા આગેવાની લઈને સમાજનાં હિતમાં કાર્ય કરતા હતા. તેમનાં સરળ સ્વભાવ, સૌહાર્દપૂર્ણ વર્તન અને સેવાભાવી વ્યકિત્વને કારણે તેઓ તમામ સમાજોમાં માન–સન્માન ધરાવતા હતા.તેમના અવસાનના સમાચાર મળતા જ વીજપડી મુસ્લિમ સમાજમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. સાથે જ ગામના હિન્દુ સમાજ સહિત વિવિધ સમાજોના આગેવાનો, યુવાનો અને ગ્રામજનોએ પણ તેમના નિવાસસ્થાને પહોંચી પરિવારજનોને સાંત્વના પાઠવી હતી. ગામનાં અઢારે વરણના લોકોએ દિલાવરભાઈના અવસાનને ગામ માટે ન પૂરી શકાય તેવી ક્ષતિ ગણાવી હતી.

વીજપડી ગામના હિન્દુ અને મુસ્લિમ સમાજના આગેવાનોએ સંયુકત રીતે દિલાવરભાઈ ચૌહાણને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી અને ઈશ્વર અલ્લાહ સમક્ષ પ્રાર્થના કરી હતી કે સ્વર્ગસ્થ આત્માને શાંતિ મળે તેમજ શોકસંતપ્ત પરિવારને આ દુ:ખ સહન કરવાની શકિત પ્રાપ્ત થાય.

દિલાવરભાઈ ચૌહાણના અવસાનથી વીજપડી ગામે એક સેવાભાવી, સૌહાર્દપ્રિય અને સમાજને જોડનાર આગેવાન ગુમાવ્યો છે. તેમના સમાજપ્રતિના યોગદાન અને સેવાકીય કાર્યોને ગામના લોકો હંમેશા યાદ રાખશે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં સત્રની પ્રથમ વાલી મીટીંગ યોજાઈ



અમરેલી, તા. ૧૮

અમરેલી શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં ચાલુ સત્રની પ્રથમ વાલી મીટીંગ યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓના વાલીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સંસ્થાના સંચાલક દીપકભાઈ વઘાસિયાએ આ પ્રસંગે પ્રેરક હાજરી આપી હતી. બાળકોનાં જીવન વિકાસમાં છાત્રાલય વાસનું મહત્વ સમજાવ્યું હતું અને ઘરથી દુર એક ઘર તરીકે અમારી સંસ્થા વિદ્યાર્થીઓનાં રહેણાંક, કપડા અને ભોજન માટેની સુટેવો માટે સતત જાગૃત રહી કામ કરે છે. તેમજ વાલીઓ સાથે ખુબ નજીકથી આત્મીય વ્યવહાર દરેક વિદ્યાર્થીનો થાય તેના વિષે સમજાવવામાં આવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓમાં કુટુંબ ભાવનાના સંસ્કાર ખીલે તે માટે પ્રયત્ન કરવામાં આવે છે.

સંસ્થાના શિક્ષક મિત્રોએ વિદ્યાર્થીઓનો પ્રોગ્રેસ રીપોર્ટ વાલીઓને રજુ કર્યો હતો. અને વધારે સારૂ પરિણામ લાવવા માટેનું આયોજનની ચર્ચા કરી હતી. ખુબ ખુશનુમા વાતાવરણમાં વળી મીટીંગ પૂર્ણ થઈ હતી.

# માઈગ્રેન અને મનની લાગણીઓ સાથે હોમિયોપેથીનો અભિગમ

અમરેલી, તા. ૧૮

''હોમિયોપેથી માત્ર રોગની નહીં, પરંતુ સમગ્ર વ્યકિતની સારવાર કરતી વિજ્ઞાન આધારિત ચિકિત્સા પધ્ધતિ છે.''

માઈગ્રેન માત્ર સામાન્ય માથાનો દુખાવો નથી. તે ઘણી વખત વ્યકિતની માનસિક, ભાવનાત્મક અને શારીરિક સ્થિતિ સાથે ગાઢ રીતે જોઢાયેલો હોય છે. કેટલાક દર્દીઓમાં વર્ષો સુધી દબાયેલી લાગણીઓ, સતત માનસિક તણાવ અને જીવનની મુશ્કેલ પરિસ્થિતિઓ માઈગ્રેનને પ્રેરિત કરી શકે છે.

હોમિયોપેથીમાં દર્દીના માત્ર માતાના દુખાવાની સારવાર કરવામાં આવતી નથી, પરંતુ તેની લાગણીઓ, સ્વભાવ, જીવનશૈલી અને સમગ્ર વ્યકિતનું મૂલ્યાંકન કરીને વ્યકિતગત દવાની પસંદગી કરવામાં આવે છે. તેથી એક જ પ્રકારના માઈગ્રેન ધરાવતા બે દર્દીઓને પણ અલગ–અલગ દવા આપવામાં આવી શકે છે.માઈગ્રેનને પ્રેરિત કરતા કેટલાક સામાન્ય પરિબળો પારિવારિક અથવા દાંપત્ય જીવનમાં મતભેદ અને સામાજિક સંબંધોમાં તણાવ. ઊંડો શોક, અપમાન, વિશ્વાસઘાત અથવા અન્ય ભાવનાત્મક આઘાત. મનની લાગણીઓ, ગુસ્સે અથવા દુ:ખ સતત દબાવી રાખવાની વૃત્તિ. સતત ચિંતા, કામનું વધુ દબાણ, જવાબદારીઓનો બોજ અને માનસિક થાક.

હોમિયોપેથીમાં ઉપયોગમાં લેવાતી કેટલીક મહત્વપૂર્ણ દવાઓ :

**Ignatia Amara** : અચાનક લાગેલા આઘાત, ઊંડા શોક, પ્રેમમાં નિષ્ફળતા અથવા દબાયેલી લાગણીઓ પછી થતો માઈગ્રેન. **Natrum Muriaticum** : જુના દુ:ખને મનમાં રાખનાર, વિશ્વાસઘાત અથવા ભાવનાત્મક ઘા ભૂલી ન શકનાર વ્યકિતઓમાં થતો માઈગ્રેન. **Staphysagria** : અપમાન, અન્યાય અથવા દબાવેલા ગુસ્સા પછી શરૂ થતો માઈગ્રેન.

**Nux Vomica** : વધુ પડતો કામનો બોજ , ઊંઘનો અભાવ, ઓફિસનો તણાવ અને ચિડચિડાપણું ધરાવતા લોકોમાં થતો માઈગ્રેન.

**Kali Phosphoricum** : લાંબા સમય સુધી માનસિક મહેનત, નર્વસ થાક અને કામના દબાણ પછી થતો માથાનો દુ:ખાવો. **Sepia** : ખાસ કરીને મહિલાઓમાં હોર્મોનસ ફેરફાર, પારિવારિક જવાબદારીઓના બોજ અને દબાયેલી લાગણીઓ સાથે જોવા મળતો માઈગ્રેન. **મહત્ત્વપૂર્ણ સૂચના** : ઉપર દર્શાવેલ હોમિયોપેથીક દવાઓની પસંદગી દરેક દર્દીના વ્યકિતગત લક્ષણો અને પ્રકૃતિ અનુસાર કરવામાં આવે છે. તેથી આ દવાઓનો ઉપયોગ હંમેશા લાયકાત પ્રાપ્ત અને અનુભવી હોમિયોપેથીક તબીબના માર્ગદર્શન તથા નિરીક્ષણ હેઠળ જ કરવો.




સંસ્કાર હોમિયોકેર–અમરેલી, લેખક : ડો. જિતેન્દ્ર
સહ–લેખિકા : ડો. નંદિની જોટંગીયા

# અમરેલીના ખડખડ ગામે સંત વેલનાથ મંદિરે બીજ ઉત્સવ ઉજવાયો

અમરેલી, તા. ૧૮

અમરેલીના વડિયા નજીકના ખડખડ ગામે સમસ્ત ચુંવાળીયા કોળી ઠાકોર સમાજના ધર્મગુરૂ સિધ્ધ સંત વેલનાથબાપુના મંદિરે અષાઢી બીજના દિવસે દર વર્ષની માફક જન્મ જયંતી નિમિતે ઉજવણી કરવામા આવેલ આ ધાર્મિકતિથિના દિવસે સમાજના તમામ ક્ષેત્રના સમગ્ર સૌરાષ્ટ્ર–ગુજરાતના અગ્રણીઓ પોતાના પરીવાર, ગૃપ, મંડળ, સંસ્થા તેમજ ટ્રસ્ટી મંડળો સાથે ઉત્સાહપૂર્વક દર્શનનો લાભ લેવા પધારેલ અને સતત બે દિવસ સુધી સંતવાણી અને દર્શનનો લહાવો મળેલ તેમજ આ સમાજના ગુરૂદ્વારે સૌરાષ્ટ્રના અનેક ધર્મસ્થાનો, આશ્રમો, સંસ્થાઓ અને મંદિરોના સંતોની ભાવીકજનો સાથે



હાજરી ખાસ આકર્ષક અને પ્રભાવીત રહેલ આ પ્રસંગે આ ધાર્મિકસ્થળના ગાદીપતિ સંત સાંઈનાથ બાપુ ધ્વારા તમામ ક્ષેત્રના મહાનુભાવો, સાધુ–સંતો અને ભાવીકજનોનું સ્વાગત, આશિર્વાદ અને સત્સંગનો લાભ આપવામા આવેલ.

આ પ્રસંગે ગુજરાત સરકારના સંગીત–નાટક અકાદમી અને સાંસ્કૃતિક વિભાગ દ્વારા અમરેલી જિલ્લાના સાંસદ આ વિસ્તારના ચુંટાયેલા ધારાસભ્ય અને હાલના મંત્રી તેમજ સમાજના કેબિનેટ/રાજયકક્ષાના મંત્રીઓ અને ધારાસભ્યોની ભલામણથી અમરેલી જિલ્લા ચુંવાળીયા કોળી ઠાકોર સમાજ વિધાર્થી ભવન ટ્રસ્ટની માગણી મુજબ આર્થિક સહયોગથી સંતવાણી/લોકડાયરો મંજુર કરવામા આવેલ તેમજ સતત બે દિવસની ઉજવણીના પ્રસંગે નામાંકિત કલાકારો ઉપરાંત જગ્યાના મહંત એવા ભાવનાથ બાપુ, જયદિપભાઈ સોની, અલ્પાબેન પરમાર, સાગરભાઈ મેસવાણીયા, ગુરૂવિરભાઈ પ્રજાપતિ તેમજ સ્ટેજ સંચાલક શ્રી બટુકભાઈ ઠાકોર ધ્વારા આ ગીરનારી સંતના જીવનચરીત્ર અને દરેક લોકોના હૈયે અને હોઠે હોય એવા પ્રસિધ્ધ સંતવાણીના ભજનોનો લહાવો સાંભળવા મળેલ અને ખાસ કરીને આ પ્રસંગમા અનેક સુપ્રસિધ્ધ ધાર્મિક સ્થળોના સંતોની હાજરીથી દરેક ભાવિકજનોને ભોજન, ભજન, દર્શન સત્સંગ અને આશિર્વાદનો લાભ મળેલ અને દિન–પ્રતિદિન આ ધાર્મિક સ્થળની પ્રસિધ્ધી અને ધાર્મિક મહત્વના લીધે સમગ્ર ગ્રામજનો પણ ભાવપૂર્ણ સેવાનો લાભ સતત આપી રહેલ છે આ ધાર્મિક ઉત્સવની પૂર્ણાહુતિ જગ્યાના સંચાલક અને પ્રસિધ્ધ સંત ભાવનાથ બાપુ ધ્વારા કરવામા આવેલ તેમ અમરેલીથી પધારેલ સમાજ અગ્રણી ધીરૂભાઈ મકવાણા તેમજ મુકેશભાઈ સોલંકીની યાદી જણાવે છે.

# અમરેલી : શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં અષાઢી બીજનો ઉત્સવ ઉજવાયો



અમરેલી, તા. ૧૮

શિક્ષણ અને સંસ્કાર માટે સુવિદિત એવા શ્રીજી વિદ્યાર્થી ભુવનમાં તા .૧૬/૭/૨૬નાં રોજ અષાઢી બીજ નિમિતે એક કાર્યક્રમનું આયોજન થયું હતું. અષાઢી બીજનાં દિવસે ભગવાન જગન્નાથજીની રથયાત્રાનું મહાત્મય અને રથયાત્રાનું વર્ણન સાથનો વિડીયો બતાવી બાળકોને રથયાત્રાથી પરિચિત કરવામાં આવ્યા.

આ પ્રસંગે સંસ્થાનાં સંચાલક દીપકભાઈ વઘાસિયાએ પ્રેરક હાજરી આપી હતી અને આજનાં દિવસે કચ્છીઓના નવા વર્ષ વિષે વાત કરી હતી. તેમજ વિદ્યાર્થીઓએ અષાઢ માસના ગીતો તેમજ લોકસાહિત્યનાં દુહાઓ રજુ કર્યા હતા. બધા બાળકોએ જગન્નાથજીની રથયાત્રાનું ભાવપૂજન કર્યુ હતું.

## સ્થાનિક પરિવાર મહુવાનાં ગોરસ ખુંટવડા દર્શન કરી પરત ફરતો હોય

# સાવરકુંડલામાં મુસાફર ભરેલ કેરી વાન પલ્ટી જતાં ૧૪ વ્યકિતને ઈજા

**વ્હેલી સવારે અકસ્માતની ઘટના બનતાં સેવાભાવી યુવકો મદદે દોડી ગયા**

**તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સ્થાનિક હોસ્પિટલમાં ખસેડાયા**

**પાંચ જેટલા મુસાફરોની હાલત ગંભીર જણાતા અમરેલી ખાતે રિફર કરાયા**

**સ્થાનિક પોલીસે બનાવ અંગે નિયમાનુસાર આગળની કાર્યવાહી હાથ ધરી**







અમરેલી, તા. ૧૮
અમરેલી જિલ્લામાં માલવાહક વાહનોમાં નિયમ વિરૂધ્ધ મુસાફરોની ખુલ્લેઆમ હેરાફેરી થતી હોય વાહનચાલકો વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થતી ન હોવાથી અવારનવાર અકસ્માતની ઘટના સામે આવી રહી છે. દરમિયાનમાં સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ પર મામલતદાર કચેરી નજીક આજે વ્હેલી સવારે મુસાફર ભરેલા એક કેરી વાહનની આડે અચાનક ઢ્ઢ ઊતરી આવતા વાહન ચાલકે અચાનક બ્રેક મારતા વાહન પરનો કાબૂ ગુમાવતા વાહન એક ઝાડ સાથે ધડકાભેર અથડાઈ પડતા અકસ્માત થયો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવના પગલે અફડા તફડી મચી જવા પામી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી

# લીલીયામોટા પોલીસે જાફરાબાદ પોલીસ સ્ટેશનનાં સાયબર ફ્રોડનાં ગુન્હાનાં આરોપીઓને ઝડપી લીધા

**આરોપીઓને રાજસ્થાન ખાતેથી ઝડપી લેવાયા**

લીલીયા, તા. ૧૮
લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.ડી. સાળુંકે દ્વારા જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશન સાયબર ફ્રોડના રૂપિયા ૧,૨૨,૮૫,૦૦૦ના ગુન્હાના કામે નાસતા ફરતા આરોપીઓને રાજસ્થાન રાજયના ભીલવાડા ખાતેથી ટેકનીકલ તથા હ્યુમન સોર્સ આધારે પકડી આરોપીઓ વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. જે ગુન્હામાં પકડાયેલ આરોપીઓ (૧)



કૈલાસચંદ્ર સ/ઓફ સોનાથ મીણા રહે. પદમપુરા, શ્યામગઢ, જી. ભીલવાડા રાજસ્થાન તથા આરોપી નંબર (૨) બંસીલાલ કૈલાસચંદ્ર મીણા રહે. ચેનપુરીયા, જી. ભીલવાડા (રાજસ્થાન)ને પકડી પાડેલ છે.

## પત્ની સાથે મનમેળ નથી તેમ કહીને પરીચય કેળવ્યા બાદ

# અમરેલી ખાતે રહેતા એક વ્યકિતએ ૪૨ વર્ષિય મહિલા સાથે લગ્નની લાલચ આપી અવારનવાર શારીરિક સંબંધ બાંધ્યો

**મહિલા પાસેથી રૂપિયા ૧ લાખ લઈ પરત નહી આપતાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૮
અમરેલીના હનુમાનપરા રોડ, રણુજા પાર્કમાં રહેતા આરોપી પ્રકાશભાઈ ચંદ્રશંકરભાઈ જોષીએ પોતાની પત્નિ સાથે મનમેળ ન હોવાનુ કહી અમરેલીમાં રહેતી એક ૪૨ વર્ષીય મહિલાને લગ્ન કરી લેશે તેવો વાયદો આપી તેણી સાથે મિત્રતા કેળવી અને માર મારી ગાળો આપી, ધમકીઓ આપી તથા તેણીને પેટ્રોલથી સળગાવી મારી નાખવાની ધમકી આપી આ મહિલાની ઈચ્છા વિરૂધ્ધ પરાણે આરોપીએ તેની હવસ સંતોષવા માટે થઈ આશરે ગત તા. ૧/૩/૨૫ થી તા. ૧૬/૬/૨૬ સુધી છેલ્લા સવા વર્ષથી તેણી સાથે અલગ–અલગ જગ્યાએ જેવી કે તેણીના રહેણાંક મકાને, દિવ ખાતે હોટલમાં તથા આરોપીની ફોર વ્હીલમાં અવાર–નવાર ભોગ બનનાર સાથે શારીરિક સંબંધ બાંધી બળાત્કાર ગુજારી, ફરિયાદી પર એસિડ નાખી, છેતરી/ઠગાઈ કરી તથા તેણી પાસેથી હાથ ઉછીના રૂપિયા ૧,૦૦,૦૦૦ લઈ જઈ મહિલાને પરત નહી આપી આરોપીની પત્નિ માધવીબેન જોષીએ પણ આ ભોગ બનાનાર મહિલાને ફોનમાં પોતે તથા તેનો દીકરો દવા પી ને મરી જવાની ધમકી આપી તેનુ આળ આ ભોગ બનાનાર મહિલા ઉપર નાખી ખોટા કેસમાં ફસાવી દેશે તેવી ધમકી આપ્યાની ભોગ બનાનાર મહિલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

## શાકભાજીનો વેપાર કરતાં યુવકનાં

# ધારીનાં પ્રેમપરા જવાનાં માર્ગનાં રહેણાંક મકાનમાંથી ૧.૨૪ લાખની મત્તાની ચોરી

અમરેલી, તા. ૧૮
ધારી ગામે આવેલ લાઈનપરાથી નબાપરા–પ્રેમપરા જવાના રસ્તે રહેતા અને શાકભાજીનો વ્યવસાય કરતા હાર્દીકભાઈ દીલીપભાઈ સોલંકી નામના ૨૩ વર્ષીય યુવકના રહેણાંક મકાનમાં ગત

અનુસંધાન પાના ૬ ઉપર

## પોલીસ અધિક્ષક સંજય ખરાતની સુચનાથી

# અમરેલી એલસીબીએ 3 ક્રિમીનલ ટાર્ગેટ કેસનાં પકડ વોરંટમાં નાસતા–ફરતા આરોપીને ઝડપી લીધો

**રાજકોટના કોઠારીયા સોલવન્ટથી આરોપીની અટકાયત**

અમરેલી, તા. ૧૮
અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. સી.પી. વાઘેલાની રાહબરી હેઠળ અમરેલી એલ.સી.બી. ટીમે ચીફ જયુડી મેજી. ધારીની કોર્ટના ક્રિમીનલ કેસ નંબર–૩૩૨/૨૦૧૫, ૩૩૩/૨૦૧૫, ૩૪૨/૨૦૧૫ એક




કુલ ત્રણ ત્રણ ક્રિમીનલ ટાર્ગેટ કેસોના પકડ વોરંટમાં છેલ્લા ૧૦ વર્ષથી નાસતા ફરતા રાજકોટ ગામનાં કોઠારીયા, સોલવંટ ખાતે રહેતા આરોપી જસમતભાઈ ધીરૂભાઈ સોલંકી ઉર્ફે ઉધરેજીયાને બાતમી

અનુસંધાન પાના ૬ ઉપર



















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)